Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ


પુસ્તક ૮૩ મું
અંક ૯
૧૦ જુલાઈ

અષાઢ

વીર સં. ૨૪૯૩
વિ. સં. ૨૦૨૩
ઈ. સ. ૧૯૬૭


वितहं त्रि तहामुत्तिं, जं गिरं भासए नरो ।
तम्हा सो पुट्ठो पावेणं, किं पुण जो मुसं वए ?

ખોટી વાતને પણ સાચી જેવો ડોળ ચડાવીને બોલનારો મનુષ્ય પાપથી ખરડાય છે, તો પછી જે નરાતાલ ખોટું જ બોલે છે તેના માટે શું કહેવું ?

तहेव फरुसा भासा, गुरुभूओवघाइणी ।
सच्चा त्रि सा न वत्तव्वा, जओ पावस्स आगमो ।

તે જ પ્રકારે, પ્રાણીઓને ભારે આઘાત પહોંચાડે એવી કઠોર ભાષા કદાચ સાચી હોય તો પણ નહિ બોલવી, કારણ કે એવી કઠોર ભાષા બોલવાને લીધે ઘણી વાર પાપ થવાનો-લાગવાનો સંભવ છે.

—મહાવીર વાણી

: પ્રગટકર્તા :

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા :: ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી વર્દ્ધમાન મહાવીર : મણકો બીજો-લેખાંક : ૨૪ | (સ્વ. મૌક્તિક) | ૬૫ |
| ૨ | શ્રી હરીભદ્રસૂરિશ્વરજી મ૦નું જીવન અને સર્જન | (મુનિશ્રી ભદ્રગુપ્તવિજયજી) | ૬૯ |
| ૩ | સાહિત્યસમ્રાટ્ શ્રી હેમચંદ્રસૂરિજી | (ફતેહચંદ ઝવેરભાઈ) | ૭૦ |
| ૪ | આગમોના અધ્યયન માટેનું સાહિત્ય | (પ્રો. હીરાલાલ ર. કાપડિયા, એમ. એ.) | ૭૩ |
| ૫ | સ્થાનિક સમાચાર .... .... .... .... | .... | ૭૮ |
| ૬ | સમાલોચના .... .... .... .... | ટાઇટલ પેજ | ૪ |


### શ્રી જૈન ધર્મ પ્રકાશના ગ્રાહક બંધુઓને વિનંતિ

શ્રી જૈન ધર્મ પ્રકાશના ગ્રાહક બંધુઓને જણાવવાનું કે આપનું સંવત ૨૦૨૩ ના કારતક થી આસો માસ સુધીનું લવાજમ રૂ. ૩/૨૫ મનીઓર્ડરથી મોકલી આપવા સૂચના કરી હતી. પણ હજુ સુધી રૂા. ૩/૨૫ મળેલ નથી તો આવતો અંક આપને વી. પી.થી મોકલવામાં આવશે; તો વી. પી. સ્વીકારી લેશો જો આપને ગ્રાહક ન રહેવું હોય તો પત્ર લખીને અમોને જણાવશો કે જેથી આપનું નામ આવતા વર્ષ (સં. ૨૦૨૪) થી ગ્રાહક તરીકે કમી કરવામાં આવે.

મંત્રી : **શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર**


—: પ્રસિદ્ધ થઇ ગયું છે. હવે ફક્ત થોડીક જ નકલો સીલીકે છે :—

## ચોસઠ પ્રકારી પૂજા—અર્થ અને કથાઓ સહિત

આ પુસ્તક પ્રસિદ્ધ થતાં જ તેની નકલો ચપોચપ ઉપડી રહી છે. આ જાતનું પ્રકાશન ઘણાં વર્ષો પછી થયેલ છે એટલે આપે આપની નકલ તરત જ મંગાવી લેવી.

આ પુસ્તકમાં શ્રી નવપદજીની ઓળીમાં આઠે દિવસ ભણાવવાની પૂજાઓનો સુંદર અને હૃદયંગમ ભાષામાં સ્વ. શ્રીયુત કુંવરજી આણંદજીએ લખેલ અર્થ આપવામાં આવેલ છે જેથી પૂજાનો ભાવ સમજવામાં ઘણી જ સરળતા અને સુગમતા રહે છે. આ પૂજાઓમાં આવતી પચીશ કથાઓ પણ સરળ ભાષામાં આપવામાં આવી છે જેથી પુસ્તકની ઉપયોગિતામાં ઘણો જ વધારો થયો છે. શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા પણ અર્થ સાથે આપવામાં આવી છે.

ક્રાઉન સોળ પેજી આશરે ૪૦૦ પૃષ્ઠના આ પુસ્તકની કિંમત રૂ. ત્રણ રાખવામાં આવેલ છે.

પોસ્ટેજ ૭૫ પૈસા લખો :-**શ્રી જૈન ધર્મ પ્રા૨ક સભા-ભાવનગર**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૮૩ મું
અંક ૯

અષાડ

વીર સં. ૨૪૯૩
વિક્રમ સં. ૨૦૨૩


## શ્રી વર્દ્ધમાન-મહાવીર

મણકો ૩ જો :: લેખાંક : ૨૪

લેખક : સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)

જે ધ્યાનથી ચિત્તને પીડા ઉપજે તેને આર્ત્તધ્યાન કહેવામાં આવે છે અને જે ધ્યાનથી જીવના સકિલષ્ટ અધ્યવસાય થાય, બીજાનું માઠું ચિંતવાય તે રૌદ્રધ્યાન કહેવાય છે. જૈન દૃષ્ટિએ યોગ ભાગ પ્રથમમાં આર્ત્તધ્યાનના ચારે પ્રકારની તેમજ રૌદ્રધ્યાનની વિચારણા કરવામાં આવી છે. પોતાને યોગ્ય કે અયોગ્ય રીતે મળી આવેલી વસ્તુ સાથે સંબંધ થાય તે ઇષ્ટ સયોગ નામનો આર્ત્તધ્યાનનો પ્રકાર છે અને પોતાને ન ગમે તેવી વસ્તુ કે માણસ સાથે સંબંધ થઇ જાય તે અનિષ્ટ સંયોગ આર્ત્તધ્યાનનો પ્રકાર છે. આ વસ્તુ તો સર્વ પૌદ્ગલિક હોઈ તેને અંગે જે વિચાર આવે તે ખરાબ કે સારા હોય છે, વસ્તુ પોતે કાંઇ સારી કે ખરાબ હોતી નથી, પણ તેની સાથેના સંબંધ સારા કે ખરાબ નીપજાવે છે. આવી કોઈ પણ વસ્તુ અથવા કોઈ માણસ સાથે સંયોગ સંબંધ થતા સારા કે ખરાબ જે કાંઈ વિચારો આવે તે સર્વ આર્ત્તધ્યાનના પ્રથમ બે પ્રકારમાં આવે છે. અને પોતાને થયેલા વ્યાધિમાંથી પોતાનું શું થશે કે પોતાને સારૂં થશે તે વિચારવું તે રોગ ચિંતા નામનો વિચાર છે. તે આર્ત્તધ્યાનનો ત્રીજો પ્રકાર છે. માણસ માંદો પડે ત્યારે તેને અનેક પ્રકારની વ્યાધિને અંગે ચિંતા થાય છે અને અમુક વ્યાધિ પોતાને થઇ આવશે એવી ચિંતા પણ થાય છે. પોતે કોઇ વૈદ્ય કે દાકતર પાસે વ્યાધિનું સ્વરૂપ જાણે કે સાંભળે તે જાતનો વ્યાધિ પોતાને થયો છે કે થશે તેના વિચારો કરવા અને માંદા પડતાં પોતે સારો થશે કે નહિ તે વિચાર કરવો તે આ વ્યાધિને લગતા વિચારો આર્ત્તધ્યાનના ત્રીજા પ્રકારમાં આવે છે. તંદુરસ્તી કેવી છે અથવા શરીર કેમ વધારે તોલવાળુ કરવું એ પણ આ ત્રીજા પ્રકારના આર્ત્તધ્યાનમાં આવે છે અને ચોથો પ્રકાર પોતાનું ભવિષ્યમાં શું થશે તેની ચિંતવના. પોતાના શેઠ નોકરીમાં રાખશે કે નહીં તેની ચિંતવના અથવા પોતાને ઊંચી ખાલી પડેલી કે પડવાની જગ્યા મળશે કે નહિ અને પોતાના પગારમાં વધારો થશે કે નહિ તે સર્વ વિચારો પ્રાણીને વારંવાર મુંઝવે છે, તેવા પ્રસંગે એ જગાના જ વિચારો ટાણે-કટાણે આવે છે અને પોતાના ઉપરી અધિકારીની પોતા પર કેવી મહેરબાની છે તે વિચારો આવે છે, ત્યાર પછી અધિકારી કેવો માની, લોભી છે તે વિચારો આવતાં તેને છતાં-અછતાં ગુણો પર અનેક વિચાર એક પછી એક કાંઇ ઢંગધડા વગર આવ્યા કરે છે અને ઉપરી અધિકારી શું બોલ્યો અને કયાં ગયો તેની વિગત ધ્યાન પર આવે છે. એ સર્વ આ ચોથા પ્રકારના આર્ત્તધ્યાનમાં આવે છે. અથવા પોતાની નોકરી ટકશે કે નહિ, કયારે ઉપરી રાજીનામું આપવાનું કહેશે અથવા પોતાનો વેપાર ધંધો ચાલશે કે નહિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે સર્વ અને તેને લગતા વિચારો સર્વ આ ચોથા પ્રકારના આર્ત્તધ્યાનમાં આવે છે. આવતે ભવે પોતાને દેવ, દેવેન્દ્ર કે ચક્રવર્તીની પદવી મળશે કે નહિ તેને લગતી વિચારણા અપધ્યાન પણ આ ચોથા પ્રકારમાં આવે છે. કહેવાની મતલબ એ છે કે ભવિષ્ય કાળમાં પોતાનું શું થશે તેની અર્થ વગરની વિચારણાઓ સર્વ એ ચોથા પ્રકારના આર્ત્તધ્યાનમાં સમાય છે.

આ ચારે પ્રકારના આર્તધ્યાન એ અનર્થદંડ છે, નકામા છે, આપણા પોતાના હાથમાં એમાંનું કાંઇ નથી, એ તો પોતાના પૂર્વકૃત્ય પ્રમાણે થાય છે, આપણા વિચારથી કાંઇ કામ થતું નથી કે રોગ જતા નથી પણ તે છતાં જીવ જખ મારે છે અને અર્થ–પરિણામ વગરની ચિંતા કરી નાહકનો દુઃખી થઈ અનર્થદંડ કરી વધારે દુઃખ થાય તેવાં કર્મો પ્રાપ્ત કરે છે. આ સર્વ વિચારણા ઉપયોગ કે પરિણામ વગરની હોઇ નિરર્થક છે અને તેને લઇને તેને અનર્થદંડ કહેવામાં આવે છે. જે વાત સુધારવી કે વ્યાધિની ચિંતા કરવી અથવા નોકરી કાયમ રહેશે નહિ, હુકમ ઉપરી ફરમાવશે કે નહિ તે આપણા હાથમાં નથી તેની વિચારણા કરવી અને નકામી ઘડ બેસાડવી કે કોઈ પણ પરિણામ વિચારવું એ તદ્દન નિરર્થક છે. આ કારણે જે વસ્તુ જેમ ચાલે અથવા થાય તે માર્ગે તેને ચાલવા કે થવા દેવી અને તે સંબંધી અર્થ વગરના આહરૂ દોહરૂ ન કરવા તે અનર્થદંડનો પ્રથમ પ્રકાર છે. અને બીજા પ્રકારમાં અતિ ક્રોધાદિક કરી વૈરીનો ક્ષય વિચારવો કે તે માટે ઘાટ ઘડવો તે હિંસાનુબંધી રૌદ્રધ્યાન કહેવાય છે. આ રૌદ્રધ્યાનનો પ્રથમ પ્રકાર થયો. ખોટી ચાડી ખાવી, જૂઠા આળ ચઢાવવા, અથવા બીજાનો હેતુ શો હશે તે વિષેની જૂઠી કલ્પના કરવી તે મૃષાનુબંધી રૌદ્રધ્યાન નામનો રૌદ્રધ્યાનનો બીજો પ્રકાર છે. આમાં પ્રાણીનો વધ થાય તેવું વિચારીને બોલવું તે સર્વ વિચાર સમાય છે. અસત્યને અંગેની સર્વ ધારણા અથવા વિચારણાનો સમાવેશ આ બીજા પ્રકારના રૌદ્રધ્યાનમાં થાય છે અને જૂઠું બોલવાની ગોઠવણ કરવી તે પણ તેમાં જ સમાઇ–આવી જાય છે. પારકા પાસેથી કેમ પૈસા પડાવવા, ચોરી કેવી રીતે ખબર ન પડે તેમ કરવી તેની વિચારણા અથવા ગોઠવણ કરવી, બ્લેક માર્કેટ (કાળાબજાર) કરવા, પોતાનો હક્ક ન થતો હોય તો પણ તે નફો કરવો, પ્રચલિત સરકારના હુકમોને ઉડાવવાના પ્રયત્ન કરવા, ઇન્કમ ટેક્સને ઉડાવવા ખોટા હવાલા લેવા, ઇન્કમ ટેક્સ છુપાવવા ખોટા ચોપડા તૈયાર કરવા અથવા વેચાણ વેરાને ઉડાવવા વેચાણની નોંધ (memo) ન આપવા માટે ગોઠવણ એ આ ચૌર્યાનુબંધી રૌદ્રધ્યાનમાં આવે છે. ચોરી કરવી એ તો ત્રીજા અનુવ્રતનું અનુ પાલન થાય છે, પણ તે માટેની ગોઠવણ કરવી તેનો સમાવેશ રૌદ્રધ્યાનના પ્રકારમાં આવે છે. આ તફાવત લક્ષ્યમાં રાખવો અને ચોથા સંરક્ષણાનંદી રૌદ્રધ્યાનમાં ધન કે સ્ત્રીનું રક્ષણ કેમ થાય તેનો વિચાર કરવો, તેને માટે દીર્ઘ યોજના કરવી કે તે સંબંધી મનમાં ઘાટ ઘડ્યા કરવા એ સર્વનો સમાવેશ થાય છે. આ સંરક્ષણાનંદીમાં આખા વ્યાપાર ધંધાની યોજનાનો સમાવેશ થાય છે અને તેનાં નામા માંડવા, ઘરાકને સમજાવવા ત્રેવડ કરવી, ઘરાક પાસે મીઠું બોલવું, સ્ત્રીના અંગોપાંગ જોવાં, તેના ચાળા કરવા, તેની છેડતી કરવી–એ સંબંધી વિચારો ગોઠવવા અને ધંધાની ચીજનો મંગાવવાનો હુકમ આપવો, સંઘરો કરવો અથવા દુકાળ ઇચ્છવો; ટુંકામાં પોતાના પૈસાના લાભનો જ વિચાર કરવો અને દુનિયા મરે કે દુઃખી થાય, અકળાય તેનો વિચાર ન કરવો એ સર્વ સંરક્ષણાનંદી પ્રકારમાં આવે છે. આ રીતે અનર્થદંડનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક પ્રકાર થયો. અનર્થદંડના બીજા પ્રકારમાં પાપોપદેશ આવે છે. બીજા માણસને કહેવું કે ખેતર ખેડો, બળદને દમો, ઘોડાને ખાંસી કરો કે શત્રુને હણો અથવા સાંચા કામ વસાવો, મોટી મીલ બાંધો. આવો ઉપદેશ પોતાના કોઈ હિત કે સ્વાર્થ ન હોવા છતાં આપવો, શસ્ત્રોને તૈયાર કરવાનું કહેવું તે પણ આ પાપોપદેશ નામના બીજા પ્રકારના અનર્થદંડમાં આવે છે તેમ સમજવું.

વર્ષાકાળ નજીક આવ્યો છે માટે ખેતર ખેડો અને ખેતરમાં અનેક જાળા થઇ ગયા છે તે દૂર કરો કે બાળી નાખો, હળ તૈયાર કરો અને અનાજ વાવવાનું કામ જલદી કરો અને મોટી દીકરીને પરણાવી દેવી જોઇએ, તેનો કન્યાકાળ જાય છે એવી અર્થ વગરની વાતો કરવી અને આરંભનાં અનેક કામની વિચારણા કરવી તે હિંસાપ્રદાન નામનો ત્રીજો અનર્થદંડનો પ્રકાર છે.

અને ચોથા અનર્થદંડના પ્રકારમાં પ્રમાદા ચરિત આવે છે. બીજું જીવ વધનાં કારણ ઘંટી, ઘંટા, ચારણા વગેરે માગ્યા આપવા અથવા નાટક સિનેમા જોવામાં આનંદ લેવો, તેના ગાયનો લલકાર્યાં કરવાં, કારણ વગર બોલવામાં કે ગાવામાં આનંદ લેવો અથવા તેવા ગાયનો રેડીઓ પર સાંભળવા એ સર્વ પ્રમાદાચરિત નામના અનર્થદંડના ચોથા પ્રકારમાં આવે છે. આમાં સ્નાન, વિલેપન, શરીર વિભુષા, વાંસળી વગેરેના સ્વરો સાંભળવા એવા અનેક પ્રકારના પ્રમાદોનો સમાવેશ થાય છે. જેથી પ્રાણવધ શકય બને તેમાં સર્વ આચરણો આ પ્રમાદાચરિતમાં આવે છે અને જે પોતાનો ધંધો ન હોય તેવી જીવવધ શકય બને તેવી બાબતમાં આદેશ ઉપદેશ કરવો અથવા ઘી, તેલનાં ભાજન ઉઘાડાં મૂકવા તેમાં અનેક ત્રસ કે થાવર જીવ આવી પડે તે પણ પ્રમાદાચરિતમાં જ આવે છે. આવા પ્રકારની બેદરકારી પણ પાપનું કારણ છે તે સમજમાં રાખવું. આ કોઇ પ્રકારના અનર્થદંડો વર્ધમાને યુવાવસ્થામાં પણ ન કર્યા. તેઓએ તો પાણી પણ ગળીને પીધું અને મળ, મુત્ર કે, વિષ્ટા અનેક જીવો તેમાં ઉત્પન્ન થાય તેવી ભૂમિએ પણ ન કરી. આવા અનેક સ્થાનકો છે, ત્યાં કોઇપણ પ્રકારના મળનું વિસર્જન કરવું અનુચિત છે, કારણકે તેમાં અનેક જીવો થોડા વખતમાં ઉત્પન્ન થાય છે અને એમણે તો પૂર્વ ભવમાં વસાવેલાં સાધનો–ઘંટી, હળ કે હથિયાર એ સર્વને પણ વોસરાવી દીધા, તેની સાથે પોતાને કાંઈ સંબંધ નથી એમ નક્કી કરી દીધું અને જણાવી દીધુ. આ બાબતમાં તેઓ એટલા ચોક્કસ હતા કે કામ વગર દીવાને પણ ચાલુ રાખતા નહિ અને જીવવધનો પ્રસંગ જેમ બને તેમ દૂર કરતા હતા; તેમજ ચૂલા ઉપર ચંદરવો બાંધવાનો પણ તેઓ ઉપયોગ રાખતા અને રાજ્યાધિકારી હોવા છતા દરેક સ્થાનકે તે છે તે જોવાનું ચૂકતા નહિ. આવી નાની નાની બાબતોનો પણ તેઓ બરાબર ખ્યાલ કરતા અને પરિણામે મહાવ્રતો પાળવાની તાકાત વધારતા ગયા. મહાવ્રત પાળવાનો પણ અભ્યાસ કરવો પડે છે અને તેને માટે આ શ્રાવકના બાર વ્રતો ઉત્તમ નિશાળ છે. નકામું હસવું તે પણ અનર્થદંડ છે અને નાટક સિનેમા જોવા તે પણ નકામું પાપાચરણ છે એ ઉપયોગવંત સમજી વિચારકજ જાણી શકે. એ સર્વ નાની નાની બાબતોનો સરવાળો એજ મોટી વાત છે. જીવન નાની નાની બાબતોનો સરવાળો જ છે અને એવી અનેક નાની બાબતોથી જ સમસ્ત જીવન બને છે. નકામા ચાળા કરવા કે કામવિકારના ચાળા કરવા, કોઇની મશ્કરી કરવી કે પોતાની ચીજો બીજાને માગી આપવી, થોડા વખત માટે ધીરવી એવી અનેક બાબતોનો સરવાળો આ ત્રીજા અનર્થદંડમાં આવે છે. બીજાને ખોટી કે હિંસક સલાહ આપવી તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ અનર્થદંડ છે અને સમજી જાણી વિચારીને બીજાને ખોટે દોરવવો અથવા બીજાની મશ્કરી કરવી અને મશ્કરા કે હસનારા વિદૂષક તરીકે નામના કરવી અથવા કોઈપણ બાબતમાં ગંભીર ન થવું તે પણ અનર્થદંડ છે. કામ સર્વ કરવાં અને છતાં તેને હસી કાઢવા અથવા અન્ય પુરુષ કે સ્ત્રીને હસી કાઢવી એ સર્વ આ અનર્થ દંડમાં આવે છે. જે પોતાના સ્વજન કે સંબંધી માટે થાય છે અથવા કરવું પડે છે તે સર્વનો અર્થદંડમાં સમાવેશ થાય છે. નકામાં પાપ થાય, મશ્કરી, ઠેકડી વગેરે છૂટે મને થાય અથવા એક પૈસાની આવક વગર વિના કારણ થતાં સર્વ પાપોનો સમાવેશ આ અનર્થદંડમાં આવે છે. આ ત્રણે વ્રતો મૂળ પાંચ અનુવ્રતોને ગુણ કરનાર હોવાથી અથવા પ્રથમ અહિંસા વ્રતને લાભ કરનાર હોવાથી ગુણવ્રત કહેવાય છે. હવે આપણે ચાર શિક્ષાવ્રત જોઈએ. કોઈ આચાર્યો એને ગુણવ્રત કહે છે અને ગુણવ્રતને શિક્ષાવ્રત કહે છે. એના સ્વરૂપને અંગે બે મત નથી, તેથી તેની સામે કયા દૃષ્ટિબિન્દુથી જોવું એજ પ્રશ્ન રહે છે. મહાવીરના જીવે કોઇ પ્રકારનો અનર્થદંડ ન સેવ્યો એ ખાસ ધ્યાનમાં લેવા જેવું અને અનુકરણ કરવા યોગ્ય છે.

## પ્રકરણ ૨૦ મું.

**મહાવીરનો ગૃહસ્થાશ્રમ : (૫)**

આ ચાર ગુણવ્રત નવમું વ્રત અથવા પ્રથમ ગુણવ્રતનું નામ સામાયક કે સામયિક વ્રત છે. બે ઘડી અથવા અડતાલીશ મિનિટ ઓછામાં ઓછું સર્વ સાવદ્ય યોગનો ત્યાગ કરી બેસી જવું તે સામાયિક વ્રત કહેવાય છે. સામાયક કરવાના સ્થાનનો વિચાર કરતાં તે પ્રથમ તો પૌષધશાળાએ થાય છે, ત્યાંના વાતાવરણમાં એક પ્રકારની ઓજસ્વિતા રહે છે. ત્યાં ઘરનાં માણસોની કોઈ જાતની ગડબડાટ કે બડબડાટ હોતી નથી એટલે સમતામાં ચિત્ત વધારે પરોવાય છે. ચિત્તની એકાગ્રતા કરવી એ સામાયિકમાં મુખ્ય બાબત છે. તે ઉપરાંત મંદિરમાં પણ સામાયક થાય, ત્રીજું સાધુ સમીપે ઉપાશ્રયમાં અથવા તેઓ જ્યાં હોય ત્યાં સામાયક કરવાનું પણ યોગ્ય છે, સાધુની હાજરી જ એકાગ્રતામાં વધારો કરે છે અને પોતાનો આદર્શ આંખ સન્મુખ રાખે છે. અને જ્યારે સંસાર કામમાંથી સમય મળે ત્યારે ઘરે સામાયિક કરવી એ સામાયિક કરવાનો ચોથો પ્રકાર છે. આ ચાર માંથી જે સ્થાનની અનુકૂળતા હોય તેમાં સામાયક કરવી. સામાયક કરતી વખતે 'સમણો ઈવ સાવઓ હવઈ' શ્રાવક લગભગ સાધુ જેવો થાય છે તેથી જ્યારે ત્યારે સમય મળે ત્યારે સામાયિક કરવા બેસી જવું એ મુખ્ય વાત છે. આ સામાયકના કાળ દરમ્યાન કોઈ જાતની આરંભ સમારંભની વાત ન કરવી અને પોતાની સાધુપણાની ભાવનાને સ્થીર કરવાની નજર રાખવી અને નકામી લોકકથા, કે દેશકથાની વાતો કરવામાં સમય પસાર ન કરતાં આવા સામાયિકમાં વખત પસાર કરવો અને અસલના લોકો તો સામાયકનો સમય જાણવા માટે ઘડી રાખતા હતા, આ કાળમાં તો જોઈએ તેવી ઘડિયાળો ખિસ્સામાં જ હોય છે. આવી રીતે સર્વ સાવદ્ય યોગનો ત્યાગ ઓછામાં ઓછી બે ઘડી માટે કરવો એ શ્રાવક (ગૃહસ્થ)ને પોતાની સાધુ થવાની ભાવનાને સ્થીર કરનાર ઉત્તમ ગુણવ્રત બને છે અને પોતાને સાધુ થવાની ભાવનાને સન્મુખ રાખે છે તેથી જ્યારે બને ત્યારે સામાયિક કરવી અને તે કરવાની ઈચ્છા રાખવી એ ઘણી રીતે લાભકારક છે.

(ક્રમશઃ)

卐

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી હરિભદ્રસૂરિશ્વરજી મહારાજનું જીવન અને સર્જન

લેખક : મુનિશ્રી ભદ્રગુપ્તવિજયજી

## (લેખાંક ૨)

હંસ પડ્યો...બૌદ્ધો પરમહંસને શોધતા આગળ વધ્યા...પરમહંસ શૂરપાળ રાજાના શરણે ગયો...શૂરપાળનૃપે શરણાગતની રક્ષા કરવાનું પરમ કર્તવ્ય આબાદ રીતે બજાવ્યું. વાદ મંડાયો...છ માસ સુધી પરમહંસે બૌદ્ધાચાર્યની સામે ટક્કર ઝીલી...તેણે જૈનદર્શનના અજબ-ગજબ અભ્યાસ સાથે બૌદ્ધદર્શનની પ્રપંચજાળને કેવી સાંગોપાંગ જાણી હશે! એ સમગ્ર બૌદ્ધ વિદ્વાનોના આચાર્યની સામે ધારાબદ્ધ છ માસ સુધી અણનમ રહ્યો! બૌદ્ધાચાર્ય પડદા પાછળ રહીને વાદ કરતો હતો! ભેદ ફૂટી ગયો...જે માટલામાં મોં રાખીને એ બોલતો હતો તે માટલું ફોડી નાંખી પરમહંસે જૈનદર્શનના અકાટ્ય સિદ્ધાન્તોની સહાયે પ્રબળ પૂર્વપક્ષ મૂક્યો...બૌદ્ધાચાર્ય પરાસ્ત બની ગયો. પરમહંસ ત્યાંથી ગુરુદેવ શ્રી હરિભદ્રસૂરીશ્વરજીના ચરણોમાં પહોંચવા આગળ ધપ્યો. બાંધવ હંસનું બૌદ્ધોના હાથે થયેલું મોત...તેના હૃદય માટે અસહ્ય હતું...બૌદ્ધોની દગાખોર અને ક્રૂરતી વૃત્તિઓ પર તેને તિરસ્કાર છૂટ્યો. સર્વ વૃત્તાન્ત ગુરુદેવને જણાવવા તેનું હૈયું ભરાઇ આવ્યું. પહોંચ્યો તો ખરો પણ સર્વ હકીકત જણાવતાં જણાવતાં જ તે મહામુનિ ભૂમિ પર ઢળી પડ્યો...એનું આત્મપંખેરૂં આ પાર્થિવદેહને છોડી ગયું...

પરંતુ શ્રી હરિભદ્રસૂરીશ્વરજીને માટે આ અતિ અસહ્ય બની ગયું...અનેકવાર બૌદ્ધોને વાદમાં પરાસ્ત કરનાર સૂરિજીએ જ્યારે બૌદ્ધોનો આ કાળો કેર સાંભળ્યો ત્યારે તેમનો અંતરાત્મા ધ્રૂજી ઊઠ્યો...તેમનું શરીર કંપી ઊઠ્યું...જૈનશાસનના બે મહાન રત્નો...મહારથીઓ...સ્વ.-પરશાસ્ત્રોની તલસ્પર્શી વિદ્વત્તાને વરેલા હંસ-પરમહંસના મૃત્યુએ તેમને હચમચાવી મૂક્યા...તેમણે બૌદ્ધોની સામે વાદ જાહેર કર્યો. કડકડતાં તેલ ઉકળાવ્યાં...જે હારે તેને ઉકળતા તેલમાં હોમાઇ જવાની શરત નક્કી થઇ...જૈનશાસનની...સર્વજ્ઞશાસનની અગાધતાનો તાગ પામી ચૂકેલા મહાજ્ઞાની સૂરીશ્વરજીની આગળ બૌદ્ધોના બોદા સિદ્ધાન્તો ક્ષણવાર પણ ન ટકી શક્યા...બૌદ્ધાચાર્યો કડકડતા તેલમાં ફેંકાયો...એક બે...ત્રણ...એકપછી એક હોમાતા ગયા...ચારેકોર હાહાકાર મચી ગયો...શ્રી જિનભદ્રસૂરિજી મહારાજને સમાચાર મળ્યા...ભાવદયાથી હૃદય ઊભરાયું...ક્રોધનાં કટુફળ-કરુણ વિપાક દર્શાવતું સમરાદિત્ય કેવળી મહર્ષિનું ચરિત્ર ત્રણ ગાથામાં મોકલી આપ્યું. ગુરુમહારાજશ્રીના ટૂંકા પણ અદ્‌ભૂત સંદેશાએ શ્રી હરિભદ્રસરિજી મહારાજને થંભાવી દીધા. કષાયોના કારમા અંજામ તેમની આંખ સામે તરવરવા લાગ્યા.

ગુરુ મહારાજ પાસે જઇને પ્રાયશ્ચિત કર્યું...અને ત્યારબાદ તેઓશ્રીએ સમરાદિત્ય કેવળી ચરિત્રનું આલેખન કર્યું. સૂરિદેવે તેમાં સંવેગવૈરાગ્યના ધોધ વહેવડાવ્યા છે. કષાયોના સેવનમાં જીવની થતી ભયંકર ભવોમાં ભીષણ રીબામણ, તેની સામે ક્ષમાદિ-ગુણોના સુવર્ણશિખર પર કરાતા આરોહણની ભવ્યતા...તેઓશ્રીએ સહજ સૌન્દર્યપૂર્ણ ભાષામાં રજૂ કરી છે; ભાષામાં કળા છે, પણ કૃત્રિમતા નથી; સ્વાભાવિકતા છે પણ અતિશયોક્તિ નથી...

બીજા પણ અનેકાનેક વિષયો પર તેઓશ્રીએ વિવેચનાઓ કરી છે. સંસ્કૃત અને પ્રાકૃતભાષામાં ગદ્ય અને પદ્યશૈલીમાં તેઓશ્રીનું સમગ્ર સાહિત્ય વિશ્વ સમક્ષ રજૂઆત પામ્યું છે; જગતના જીવોનો બાલ-મધ્યમબુદ્ધિ અને બુધ-ત્રણ વર્ગમાં સમાવેશ કરી જીવોના માનસનું વિશ્લેષણ કર્યું છે, કે જે આપણને ષોડશક પ્રકરણ બતાવે છે. દેશના પદ્ધતિ મૈત્ર્યાદિ ભાવનાઓનું સ્વરુપ...ઉત્સર્ગ-અપવાદમાર્ગ-જિનપૂજા-ગુરુસેવા... દીક્ષાધિકારિતા... સાધુચર્યા... સ્વાધ્યાય ... યોગાભ્યાસ, સાલંબન - નિરાલંબન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધ્યાન...કૈવલ્ય... વગેરે અનેક વિષયોને તેઓશ્રીએ અદ્ભુત રીતે વર્ણવ્યા છે.

"ધર્મબિંદુ" એટલે ભવ્યતર અને લોકોત્તર ક્રમિક આચારમાર્ગનું સુસ્પષ્ટ નિરુપણ ! 'પંચાશક' એટલે શ્રાવકધર્મ, દીક્ષા, પૂજા, પ્રત્યાખ્યાન... સાધુધર્મ....તપોવિધિ–એવા ઓગણીસ વિષયોને સ્પર્શતું માર્મિક નિરુપણ. તેઓશ્રીના લબ્ધપ્રતિષ્ઠ ખ્યાતનામ ગ્રંથોમાં શ્રી ઉપદેશપદ, ધર્મબિંદુ, ધર્મસંગ્રહણી, પંચાશક, પંચવસ્તુ, યોગદૃષ્ટિસમુચ્ચય, યોગબિંદુ, લલિતવિસ્તરા, વિંશતિવિંશતિકા, અષ્ટક-પ્રકરણ, ષડદર્શન સમુચ્ચય, શાસ્ત્રવાર્તા સમુચ્ચય, અનેકાન્ત જયપતાકા, લોકતત્વ નિર્ણય, સંબોધ પ્રકરણ, સંબોધ સપ્તતિકા, યોગશતક, આવશ્યકસૂત્ર બૃહદ્વૃત્તિ, દશવૈકાલિકસૂત્ર વૃત્તિ, સમરાઇચ્ચ કહા... વગેરે ચારે અનુયોગને સ્પર્શતા ગ્રંથોનો સમાવેશ થાય છે; બીજી પણ અનેકાનેક કૃતિઓ તેમણે રચેલી છે. ચૌદસો ચુંવાલીસ ગ્રંથોના રચયિતા તરીકે તેઓ જૈન–જૈનેતર જનસમૂહમાં સુપ્રસિદ્ધ છે.

શ્રી સિદ્ધર્ષિગણિ ક્ષમાશ્રમણે તે તેજસ્વી પુણ્ય-મૂર્તિને સ્વહૃદયમાં ગુરુપદે સ્થાપિત કર્યા. શ્રી જિનેશ્વરસૂરિજીએ જ્ઞાનના સહસ્ત્રરશ્મિ...બુદ્ધિના બેતાજ બાદશાહના કથનથી બિરદાવ્યા ! અપ્રતીમ પ્રતિભાશાળી એવા વાદિદેવસૂરિજી જેવાએ પણ પોતાની જાતને શ્રી હરિભદ્રસૂરીશ્વરજીના અનુગામી તરીકે ઓળખાવી ! અતિ ગંભીર અને અતિ મધુર વાણીના સ્વામી તરીકે શ્રી મલયગિરિજી મહારાજે તેમને ગાયા, જ્યારે લક્ષ્મણગણિએ તો ભગવતી સરસ્વતીને શ્રી હરિભદ્રસૂરિના હૃદયમંડપે નર્તિકા કહી ! જ્યારે ન્યાયશાસ્ત્રનાં નિપુણ અભ્યાસી યક્ષદેવ મુનિના હૃદયમાં શ્રી હરિભદ્રસૂરિજીનું જિનમતના યથાસ્થિત જ્ઞાતા તરીકે તેમજ વાદીઓના વિજેતા તરીકે બિનહરીફ ચૂંટાયેલું સ્થાન હતું ! શ્રી યશોવિજયજી ઉપાધ્યાયે તો આપણા સૂરિદેવને એક જીવનપથમાં...જિનમતના અતિગહન માર્ગમાં ભોમિયા તરીકે જ સ્વીકારેલા હતા ?

પરંતુ...આપણા એ પરમપ્રિય સૂરિ શેખરે તો માતાના પવિત્ર અને પ્રિયતમ સ્થાને પેલાં... પોતાની જીવન દિશાને પલટાવનારાં...મોક્ષમાર્ગના પથિક બનાવનારાં...શાંત...સંયમી...અને વાત્સલ્યના સિન્ધૂ...એવાં યાકિનીમહત્તરાનેજ સ્થાપ્યાં હતાં...!

# સાહિત્યસમ્રાટ્ શ્રી હેમચંદ્રસૂરિજી

લેખકઃ—**ફતેહચંદ ઝવેરભાઇ–મુંબઇ**

**भवबीजांकुर जनना रागाद्याः क्षयमुपागतायस्य ।**
**ब्रह्मा वा विष्णुर्वा हरो जिनो वा नमस्तस्मै ॥**

"જન્મ અને મૃત્યુના ઉત્પાદક રાગદ્વેષાદિ બીજો અને અંકુરાઓ જેમના ક્ષય થઇ ગયા છે તે વ્યક્તિ બ્રહ્મા હો, વિષ્ણુ હો, મહેશ્વર હો કે જિન હો તેમને મારો નમસ્કાર છે."

**—શ્રીમદ્ હેમચંદ્રાચાર્યસૂરિજી**

જિન શાસનરૂપ આકાશ શ્રી સિદ્ધસેન દિવાકર, શ્રીમાન્ હરિભદ્રસૂરિ, શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય, શ્રી હીરવિજયસૂરિ અને શ્રીમદ્ યશોવિજયજી વગેરે મહાન્ જ્યોતિર્ધરોથી જયવંત રહે છે.

સરસ્વતી દેવીની પ્રસન્નતા પામેલા સાધુ જીવનમાં સાડાત્રણ ક્રોડ શ્લોકના રચયિતા શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય અપૂર્વ સાહિત્ય સમ્રાટ હતા.

એમનો જન્મ વિ. સં. ૧૧૪૫ની કાર્તિકી પૂર્ણિમાના દિવસે ધંધુકામાં મોઢ વણિક્ ચાચિગને ત્યાં થયો હતો.

તેમના પિતા વૈષ્ણવ હતા, માતાનું નામ પાહિણી હતું. તેઓ જૈન ધર્મ પાળતા હતા. પુત્રનું નામ ચંગદેવ રાખવામાં આવ્યું હતું. તેમના ગુરુ શ્રી દેવચંદ્રસૂરિ હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવી યોગી તરીકેના ચંગદેવના શુભ લક્ષણો જોઇ શ્રી સંઘના મુખ્ય આગેવાનો સાથે ગુરુશ્રી ચંગદેવના ઘરે ગયા અને આ ચંગદેવ શાસનની ઉન્નતિ કરશે એમ સમજાવી માતા પાસે તેની માગણી કરી. માતાજીએ ચંગદેવનું તેમજ શ્રી સંઘનું કલ્યાણ થશે એમ સમજી ચંગદેવને ગુરુશ્રીને અર્પણ કર્યા.

ગુરુએ સં. ૧૧૫૦ ના મહા શુદ ૧૪ શનિવારે નવ વર્ષની ઉમ્મરે દીક્ષા આપી. સંયમી સાધુ બનાવ્યા અને સોમચંદ્ર નામ રાખ્યું.

બાલમુનિ શ્રી સોમચંદ્રે થોડા જ વર્ષમાં વિદ્યાના દરેક ક્ષેત્રમાં પારંગતપણું મેળવી લીધું. એમનો ઊંડા વિદ્યાભ્યાસ, બ્રહ્મચર્ય, અપૂર્વ ત્યાગવૃત્તિ, પ્રૌઢ તપઃપ્રભાવ અને સ્વાભાવિક ઓજસ્વિતા વિગેરે પ્રભાવશાળી ગુણો જોઈ આચાર્યશ્રી દેવચંદ્રસૂરિ તથા શ્રી સંઘે મળી સં. ૧૧૬૬ એટલે ૨૧ વર્ષની ઉમ્મરે આચાર્ય પદવી આપી અને તેમનું નામ શ્રી હેમચંદ્રાચાર્ય રાખ્યું. જ્યારે તેઓ ગૂજરાતની રાજધાની પાટણમાં આવ્યા ત્યારે ગૂજરાતના વિદ્યાપ્રિય રાજવી સિદ્ધરાજ જયસિંહનું રાજ્ય હતું. તેઓ આચાર્યશ્રીની વિદ્વત્તાથી આકર્ષાઇ એમના પ્રસંગમાં આવ્યા.

ગુર્જરેશ્વરની રાજસભામાં વિ. સં. ૧૧૮૧ માં દિગંબરાચાર્ય શ્રી કુમુદચંદ્ર અને શ્વેતાંબરાચાર્ય શ્રી દેવસૂરિ વચ્ચે વાદ થયો હતો; જે વખતે શ્રી હેમચંદ્રાચાર્ય હાજર હતા. ત્યારપછી શ્રી હેમચંદ્રાચાર્યની અસર તે પછીના રાજા કુમારપાળ ઉપર ઘણી વધારે પડી; અને તેથી કુમારપાળ જૈન બન્યા. ગુજરાતનું સાહિત્ય શ્રી હેમચંદ્રાચાર્યને લીધે જ ઉજ્વળ બનેલું છે. તેમણે સંસ્કૃત ભાષામાં પ્રત્યેક વિષય ઉપર લખેલું છે. તે વખતે બોલાતી અપભ્રંશ ભાષા કે જેમાંથી આજસુધીની ગુજરાતી ભાષાનો વિકાસ ક્રમશઃ થયેલો છે તેનું સર્વ પ્રથમ વ્યાકરણ બનાવનાર તેઓશ્રી જ છે.

એમણે સાડાત્રણ ક્રોડ શ્લોક પ્રમાણ ગ્રંથો રચ્યા છે. કુમારપાળ પછીના રાજા અજયપાળે તથા પાછળથી આવેલા મુસલમાન રાજાઓએ ઘણા ભંડારોમાંના અમૂલ્ય ગ્રંથોનો નાશ કર્યો હતો તેથી તેમના ઘણા ગ્રંથોનો અભાવ થયો છે.

એમની અગાધ વિદ્વત્તા જોઇ સિદ્ધરાજ જયસિંહે નવું વ્યાકરણ કરવા પ્રાર્થના કરી. પરિણામે વ્યાકરણનો મહાન ગ્રંથ ‘ સિદ્ધહેમ શબ્દાનુશાસન ’ કે જે અઢાર હજાર શ્લોક પ્રમાણ છે તે બનાવ્યો અને તે હાથીની અંબાડીમાં વાજતેગાજતે મહોત્સવપૂર્વક શ્રી સિદ્ધરાજ જયસિંહને સમર્પણ થયો. હૈમ શબ્દાનુશાસનની સંસ્કૃત ટીકા એંશીહજાર શ્લોકની છે.

તેમના પ્રસિદ્ધ સિદ્ધ-હેમ વ્યાકરણના પાંચે અંગોના મળીને દોઢ લાખ શ્લોકો અત્યારે મળે છે. બત્રીશ હજાર લગભગ શ્લોકોવાળું ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્રની તથા દશ હજાર લગભગ શ્લોકોવાળા પરિશિષ્ટ પર્વની રચના કરી છે. કુમારપાળના દૈનિક સ્વાધ્યાય માટે શ્રી चौलुक्य कुमारपाल नृपतेरत्यर्थमभ्यर्थनादाचार्येण निवेशिता पथिगिरां श्री हेमचन्द्रेण सा—એ વાક્ય પ્રમાણે યોગ શાસ્ત્ર નામનો ગ્રંથ રચ્યો છે. તે ઉપર સ્વોપજ્ઞ ટીકા ૧૨૫૭૦ શ્લોકાત્મક છે; તેમણે સંસ્કૃત, પ્રાકૃત બન્ને ભાષાવાળું ૪૩૨૮ શ્લોકવાળું મહાકાવ્ય દ્વયાશ્રય, હૈમલિંગાનુશાસન, કાવ્યાનુશાસન વિગેરે પાંચ અનુશાસનો, પ્રમાણમિમાંસા, અન્યયોગ વ્યવચ્છેદ દ્વાત્રિંશિકા, વીતરાગ સ્તોત્ર, હૈમધાતુપારાયણ, બલાબલસૂત્ર, દેશીનામમાળા, અભિધાન ચિંતામણિ કોષ વિગેરે પ્રત્યેક વિષયના ગ્રંથો લખી માગધી; સંસ્કૃત અને અપભ્રંશ ભાષાની વિદ્યાની વિવિધ વાનકીઓનો થાળ ગુર્જરદેવી સમક્ષ ધર્યો છે.

એમના સમયમાં તાડપત્રમાં અનેક ગ્રંથો લખાણા હતા. રાજવી કુમારપાળની સંપૂર્ણ સહાય હતી. સં. ૧૨૦૧ થી ૧૨૭૨ સુધી લખાયેલ કેટલીએ પ્રતો પાટણ અને જેસલમેરમાં અત્યારે પણ મોજુદ છે.

લગભગ ૧૪૦૦ શ્લોકનો અદાલતના ન્યાયને ઉપયોગી કાયદાનો ગ્રંથ ‘ અર્હન્નીતિ ’ રચેલો છે જેનું ભાષાંતર સ્વ. સાક્ષર શ્રી મણિલાલ નથુભાઇએ કરેલું છે.

બાલબ્રહ્મચારી, સંયમી અને તપસ્વી જીવનમાં સરસ્વતી દેવીની આરાધના કરી હતી અને તે દેવી

For Private And Personal Use Only

તથા વિમલેશ્વરદેવ અનેક પ્રસંગે સહાયક થયા હતા. દેવબોધિ વગેરે અન્ય દર્શનીઓ કે જેઓ જૈન દર્શનના વિરોધમાં હતા. તેમને દૈવી ચમત્કારોવડે મહાત કર્યા હતા.

એમના ઉપદેશથી કુમારપાળ રાજાએ અહિંસાનો અમવર પડહ અઢાર દેશમાં વગડાવ્યો હતો અને તે સંબંધમાં પુષ્કળ પ્રચાર કર્યો હતો. બાર વ્રતધારી જૈન તેઓ થયા, અનેક અન્નસત્રો ખોલ્યા, માંસ ભક્ષણ, શિકાર તથા દારૂનો નિષેધ પોતાના અઢાર દેશોમાં કરાવ્યો; રાજકાજમાં તેઓશ્રી કર્મયોગી બન્યા હતા.

સં. ૧૨૧૪ માં ઉદયન મંત્રીના પુત્ર વાગ્ભટે શત્રુંજય તીર્થ ઉપર ઉદ્ધાર કર્યો તે વખતે પ્રતિષ્ઠા તેમણે કરી હતી. એ મંત્રીના બંધુ અંબડે ભરૂચમાં સમલિકા વિહાર જિનમંદિરનો ઉદ્ધાર સં. ૧૨૨૦માં કર્યો શ્રી હેમચંદ્રાચાર્યના શાન્નિધ્યમાં ૧૪૦૦૦ જિનમંદિરો બંધાયા અને ૧૬૦૦૦ જિનમંદિરોનો જીર્ણોદ્ધાર થયો. તારંગાજી ઉપર શ્રી અજિતનાથ સ્વામીની મૂર્તિની સ્થાપના તેમના જ અધિષ્ઠાનમાં થઈ.

મહારાજા કુમારપાળે સાતવાર 'છ''રી' પાળતો સંઘ શ્રી શત્રુંજય તીર્થ વિગેરે તીર્થોનો કાઢ્યો હતો. સોમનાથ પાટણ અને કેદારનાથ ( કાશી )ના મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો હતો; સોમનાથ પાટણના ખોદકામમાં આ લેખો નીકળેલા છે. भवबीजांकुरजनना વાળો ઉપરોક્ત શ્લોક પણ તેમણે સોમનાથ મંદિરમાં દર્શન કરતી વખતે બનાવેલો છે અને એ રીતે જૈન દર્શનની સ્યાદ્‌વાદ્ દૃષ્ટિ રજુ કરી છે. એમનું અદ્‌ભૂત જ્ઞાન જોઈ શ્રી કુમારપાળે તથા શ્રી સંઘે એમને કલિકાલસર્વજ્ઞનું બિરુદ અર્પણ કર્યું હતું.

એમના સંબંધમાં અનેક પ્રસંગો કહી શકાય તેમ છે; પરંતુ માત્ર એક જ પ્રસંગ અત્રે રજુ કરવામાં આવે છે. શ્રી હેમચંદ્રાચાર્યજી શહેરમાં વહોરવા ગયા હતા ત્યાં એક પાણકોરાનો ટુકડો તદ્દન સામાન્ય સ્થિતિના શ્રાવકે વહોરાવ્યો પછી એક વખત કુમારપાળ રાજા પાસે તે ટુકડો માથે ઓઢીને સભામાં ગયા. કુમારપાળે પૂછ્યું. મારા જેવો ભક્ત શ્રાવક છતાં આવો ખાદીનો ટુકડો મસ્તક ઉપર આપે કેમ રાખ્યો છે? કૃપા કરી ખુલાસો કરો. તેમણે કહ્યું કે તમારા શહેરમાં સાધારણ સ્થિતિવાળા શ્રાવકો કેટલા છે? તેનો કાંઈ ખ્યાલ તમોએ કર્યો છે? એ ખ્યાલ કરાવવા આજે ઓઢેલ છે; માટે જલ્દી સીદાતા ભાઈઓની સંભાળ લ્યો. આટલી વાણી સાંભળી કુમારપાળ રાજાએ દુઃખી સ્વામીભાઈઓને ઘણું ધન આપી વ્યાપારમાં જોડી દીધા અને ૭૨ લાખ સુવર્ણટકાની જકાત આવતી હતી તે માફ કરી; તેમજ ક્રોડ સોનૈયાનો વ્યય કરી સાધર્મિક ઉદ્ધારનું કાર્ય જીવનમાં કરી બતાવ્યું.

પરમાત્મા મહાવીરે કહ્યું છે કે જિનશાસન એકવીશ હજાર વર્ષ પર્યંત રહેશે: તે શ્રી હેમચંદ્રાચાર્ય જેવા યુગપ્રધાન જ્યોતિર્ધરોના અવારનવાર પ્રાકટ્યને આભારી છે. શ્રી હેમચંદ્રાચાર્ય અને કુમારપાળની જોડીએ શાસનને દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપથી વિવિધ પ્રકારે સમૃદ્ધ બનાવ્યું છે; શ્રી હેમચંદ્રાચાર્યનું આયંબિલ વિગેરે તપશ્ચર્યાવાળું જીવન છતાં આટલી વિશાળ સાહિત્ય સમૃદ્ધિનું એમણે સર્જન કર્યું તે એક અસાધારણ ચમત્કાર રૂપ છે. તેઓશ્રી ભવિષ્યના જૈન સમાજ ઉપર સાહિત્ય પ્રકટનદ્વારા અનેક ઉપકાર કરી ગયા. શ્રી હેમચંદ્રાચાર્ય માત્ર જૈન સૃષ્ટિના જ નહિં પરંતુ વિશ્વના સાહિત્ય સ્વામી બની ગયા. સં. ૧૨૨૯માં ૮૪ વર્ષની ઉમ્મરે સમાધિપૂર્વક સ્વર્ગવાસી થયા. શ્રી કુમારપાળ રાજા માટે શ્રી હેમચંદ્રાચાર્યે શ્રી સીમંધરસ્વામી પાસે મોકલેલ દેવીના વચનથી કહેવાય છે કે તેઓ ભુવનપતિમાં ચોરાશી હજાર વર્ષના આયુષ્યથી દેવ થયેલ છે અને આવતી ચોવીશીમાં પ્રથમ તીર્થંકર પદ્મનાભના અગીઆરમાં ગણધર થઈને મુક્તિ પામશે.

ઉપસંહારમાં પૂ. શ્રીમદ્ હેમચંદ્રાચાર્યજીએ યોગશાસ્ત્રમાં રચેલો જિન ધર્મની અન્ય જન્મમાં પણ પ્રાપ્તિવાળી બની રહે તે માટેનો સ્તુતિ શ્લોક સાદર કરી વિરમું છું.

**जिनधर्म विमुक्तोऽपि माभूवं चक्रवर्त्यपि ।**
**स्यां चेटोऽपि दरिद्रोऽपि जिनधर्माधि वासित: ॥**

" જિનધર્મ વગરનું ચક્રવર્તીપણું મારે અન્ય જન્મમાં જોઈતું નથી પરંતુ જિનધર્મયુક્ત ભલે દાસ હોઉં તો પણ મારે માટે પરમ છે. "

# આગમોના અધ્યયન માટેનું સાહિત્ય

(ગતાંકથી ચાલુ)

પ્રો. **હીરાલાલ ર. કાપડિયા** એમ. એ.

"આગમ અનુયોગ પ્રકાશન" તરફથી દિલ્હીથી થોડા વખત ઉપર (ઇ. સ. ૧૯૬૬માં) "સમવાયાંગ" [સાનુવાદ, સપરિશિષ્ટ] નામનું પુસ્તક પ્રકાશિત કરાયું છે. એના સંપાદક સ્થાનકવાસી મુનિશ્રી કન્હૈયાલાલ 'કમલ' છે. પ્રારંભમાં આ મુનિશ્રીએ હિન્દીમાં લખેલ [1]પ્રાસ્તાવિક છે. એમાં **સમવાય**ના સંક્ષિપ્ત નન્દીમાં સમવાયનો પરિચય આપતો જે પાઠ છે તેમાં ટાણાગયસ્સની પહેલાં जाव જોડીને समवायस्स णं परित्ता वायणा વંચાય તો વિસ્તૃત પરિચય પાઠનું સંક્ષિપ્તરૂપ સ્પષ્ટ લક્ષ્યમાં આવે. સંભવ છે કે जाव શબ્દ કેટલાંયે વર્ષોથી કરાતી પ્રતિલિપિઓમાં છૂટી ગયો છે.

અને વિસ્તૃત પાઠ, આ સમવાયનાં સૂત્રોની સંખ્યામાં ભિન્નતા તેમજ આ આગમની રચના-પદ્ધતિ વિષે નિરૂપણ છે. ત્યાર પછી આ ચતુર્થ અંગનાં ૧૬૦ સૂત્રો અંગે હિન્દીમાં વિસ્તૃત વિષયસૂચી છે. ત્યાર બાદ મૂળ આગમ અને એના હિન્દી અનુવાદને સ્થાન અપાયું છે.

અંતમાં ત્રણ પરિશિષ્ટો છે. પ્રથમ પરિશિષ્ટમાં ચારે [2]અનુયોગને લગતાં સૂત્રાંકો તેમજ એ પ્રત્યેકનું વર્ગીકરણ (વિષયનિર્દેશ) અપાયાં છે. આવું મહત્ત્વનું કાર્ય સર્વ અનુયોગમય અન્ય આગમો માટે પણ કરાવું જોઇએ.

દ્વિતીય પરિશિષ્ટમાં સમવાયનાં ક્યાં ક્યાં સૂત્રો અન્યાન્ય આગમોમાં જોવાય છે એ બાબત વિસ્તારથી આલેખાઈ છે આથી આ પરિશિષ્ટ પણ ઉપયોગી બન્યું છે.

તૃતીય પરિશિષ્ટ સૌથી નાનું છે. એનું "સમવાયાંગ–વર્ણક" નામ રખાયું છે. એના અંતમાં સમવાયગત પરિવર્ધિત સૂત્રોના અંકો અપાયા છે.

વિવરણો–આગમો જેમ જેમ રચાતા ગયા અને એનો અભ્યાસ કરાવવાના પ્રસંગો પ્રાપ્ત થતા ગયા તેમ તેમ એનાં વિવરણો રચાતાં ગયાં. આ બધામાં નિજ્જુત્તિઓ (નિર્યુક્તિઓ), ભાસ (ભાષ્ય) અને ચુણ્ણિ (ચૂર્ણિ) અને પ્રાચીન વૃત્તિઓ મહત્ત્વનું સ્થાન ભોગવે છે. આનો નિર્દેશ મેં HCLJ (ch. VI) તેમજ **આગમોનું દિગ્દર્શન** (પ્ર. ૨૨) એ બે મારાં પુસ્તકોમાં કર્યો છે. આનાં પરિમાણપૂર્વકની [1]સૂચી "જૈન સાહિત્ય કા બૃહદ્ ઇતિહાસ" (ભા. ૧)ની પ્રસ્તાવના (પૃ. ૪૨–૫૧)માં શ્રી દલસુખ માલવણિયાએ આપી છે અને એના આધાર તરીકે DCGCM (Vol. XVII, pts. 1–3) નો ઉપયોગ કર્યો છે. **ભદ્રબાહુસ્વામી**એ દસ નિજ્જુત્તિઓ રચી છે. એ પૈકી **સૂરપણ્ણત્તિ** અને **ઇસિભાસિય**ની નિજ્જુત્તિ તેમજ ગોવિન્દકૃત નિજ્જુત્તિ આજે મળતી નથી.

**સંગહણીઓ** :—કોઇ કોઇ આગમમાં "સંગહણી"ની ગાથાઓ જોવાય છે તે એકત્રિત કરી છપાવાય તો વિષયો યાદ રાખવામાં સહાયક થઇ પડે તેમ છે.

**ટબ્બાઓ–બાલાવબોધો** :—"આગમોના બાલાવબોધ" નામનો મારો લેખ "જૈન સત્ય પ્રકાશ" (વ. ૧૩, અં. ૧૧)માં છપાયો છે.

---

૧ આના 'ઘ' પૃષ્ઠ ઉપર એવો ઉલ્લેખ છે કે

૨ 'ચરણકરણાનુયોગ'ને બદલે 'ચરણાનુયોગ' છે.

૧ કેટલાક ટબ્બાઓ અને બાલાવબોધ તેમજ સંગહણીની પણ અહીં નોંધ છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અનુવાદો**–કેટલાક આગમોના તો ગુજરાતી અને હિન્દી ઉપરાંત અંગ્રેજીમાં પણ અનુવાદો થયા છે. **સ્ટીવન્સને પજ્જોસવણાકપ્પ**(કલ્પસૂત્ર)નો ઈ. સ. ૧૮૪૮માં અંગ્રેજીમાં [૧]અનુવાદ કર્યો અને ત્યારથી અંગ્રેજી અનુવાદોના શ્રીગણેશ મંડાયા.[૨] ત્યાર બાદ ડૉ. યાકોબીએ આ તેમજ **આયારનો** અનુવાદ કર્યો. એમણે **સૂયગડ** તેમજ **ઉત્તરજ્ઝયણનો** પણ અંગ્રેજીમાં અનુવાદ કર્યો છે. એમના અનુવાદો "Sacred Books of the East" ( Vol. 22 & 45 )માં છપાયા છે. ડૉ. હર્નલકૃત [૩]**ઉવાસગદસાનો** અંગ્રેજી અનુવાદ "Bibliotheca Jndica Series" માં છપાયો છે. એલ. ડી. બાર્નેટે **અંતગડદસા** અને **અણુત્તરોવવાઇયદસાનો** અંગ્રેજીમાં અનુવાદ કર્યો છે. આ અનુવાદોનો ઉપયોગ કરી ફરીથી આ આગમોનો તેમ જ બાકીના જે આગમોના (દા. ત. **રાયપ્પસેણઇજ્જ** વગેરેના) અંગ્રેજી અનુવાદ સુધારાને પાત્ર હોય તેના પણ અંગ્રેજી અનુવાદો પહેલી તકે તૈયાર કરાય અને પ્રકાશિત થાય તે ખાસ ઇચ્છવાજોગ છે.

**સૂત્રાર્થમુક્તાવલી**—આ. શ્રી વિજયલબ્ધિસૂરિની સૂત્રાત્મક રચના છે. એ દ્વારા અણુઓગદાર, આયાર, સૂયગડ, ઠાણ અને સમવાય એ પાંચ આગમોનો સાર અપાયો છે. એને અંગેનાં સંસ્કૃત સૂત્રોના ઉપર એ સૂરિજીએ સંસ્કૃતમાં ટીકા રચી છે. એ મૂળ સહિત ઇ. સ. ૧૯૪૬માં પ્રકાશિત કરાઇ છે.

**વિષયનિર્દેશિકાઓ**—આગમોનો મુખ્ય વિષય જૈન ધર્મના–દર્શનના સિદ્ધાન્તોનું અને આચારોનું નિરૂપણ છે. આગમોદ્ધારકે કેટલાક આગમોનો વિષય એનાં વિવરણોનો સાથે સાથે વિચાર કરી નિર્દેશ્યો છે. આ સબંધમાં હું એમની બે મુદ્રિત સંકલનાઓનાં નામ દર્શાવું છું :—

૧. નન્દ્યાદિસપ્તકસૂત્રગાથાદિ અકારાદિયુત–વિષયાનુક્રમ.

૨. ઉપાંગપ્રકીર્ણકસૂત્ર–વિષયાનુક્રમ.

આગમોને અંગે આગમોદ્ધારકે ૫૩ બાબતો રજૂ કરી છે. એમાંની એક તે વિષયાનુક્રમ છે. આ ઉપરાંત નિમ્નલિખિત ચાર સંકલનાઓ છપાવાઇ છે :—

(૧) આગમીયસૂક્તાવલિ, (૨) આગમીય સંગ્રહ શ્લોક, (૩) આગમીય સુભાષિત અને (૪) આગમીય લોકોક્તિ સંગ્રહ.

એકાદશાંગીય અકારાદિક્રમ પણ છપાવાયો છે.

ઉપર્યુક્ત ૫૩ બાબતો પૈકી ૪૮ બાબતો–સંકલનાઓ અમુદ્રિત છે. આનો ઉલ્લેખ મેં એક પુસ્તકમાં કર્યો હતો. ત્યારબાદ આ સંકલનાઓનાં નામ ઉપર્યુક્ત શ્રુત ઉપાસના (પૃ. ૮૫)માં રજૂ કરાયાં છે. આગમોદ્ધારકે વર્ષોના પરિશ્રમે આ સંકલનાઓ તૈયાર કરી છે. તેમ છતાં એના પ્રકાશન માટે પૂરતો પ્રયાસ અદ્યાપિ થયેલો જણાતો નથી તો સત્વર થવો ઘટે.

**જૈનાગમ**-નિર્દેશિકા—આ ૪૫ આગમોના વિષયોનો સૂત્રાંક કે ગાથાંક અનુસાર હિન્દીમાં બોધ કરાવે છે. આ પુસ્તક " આગમ અનુયોગ પ્રકાશન " તરફથી દિલ્હીથી થોડા વખત ઉપર ( ઈ. સ. ૧૯૬૬ )માં પ્રકાશિત કરાયું છે. પ્રારંભમાં કહ્યું છે કે **આગમ અનુયોગનું** પ્રકાશન ચાલુ છે અને અનુયોગ શબ્દસૂચી તથા

---

૧ આ અનુવાદમાં કેટલીક ભૂલો થઈ છે.

૨ આગમોના સંપાદનની પહેલ કરનારા પ્રો. વેબર છે. એમણે વિયાહપણ્ણત્તિના અમુક ભાગોનું ટિપ્પણીપૂર્વક ઈ.સ. ૧૮૬૫–૬૬માં સંપાદન કર્યું હતું.

૩ આના પરિશિષ્ટ તરીકે આ વિદ્વાને વિ૦ ૫૦ ના પંદરમા સયગનો અંગ્રેજીમાં કરેલો અનુવાદ છપાયો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેટલાંક પરિશિષ્ટ પૃથક્ પુસ્તિકારૂપે પ્રકાશિત કરવાની યોજના છે. પ્રસ્તુત પુસ્તકના સંપાદક સ્થાનકવાસી મુનિશ્રી કન્હૈયાલાલ 'કમલ' છે. પ્રારંભના સોળમા પૃષ્ઠમાં આગમોની ૮૪ ની સંખ્યા ભિન્ન રીતે ગણાવાઈ છેઃ ૨૯ ઉત્કાલિક, ૩૦ કાલિક, ૧૨ અંગ, આવસ્સય, ઠાણ (ચિત્ર ૭૫૫)માં નિર્દેશાયેલા [1]૧૦ વવહાર (ઉ. ૧૦)માં નિર્દેશાયેલા [2]૫ અને સમવાયમાં નિર્દેશાયેલા કલ્યાણફલવિપાકનાં ૫૫ અધ્યયનો તથા પાપફલવિપાકનાં પણ ૫૫ અધ્યયનો. પૃ. ૬માં આવસ્સયનાં 'છેદ' તરીકે અને પૃ. ૧૭ માં નન્દી અને અણુઓગદારનો 'મૂલસૂત્ર' તરીકે ઉલ્લેખ છે તે વિચારણીય જણાય છે, આગમો પ્રાકૃતમાં હોવા છતાં એનાં નામ એ ભાષામાં ન આપતાં કેવળ સંસ્કૃતમાં અપાયાં છે તે વાત સમુચિત ન ગણાય. જીયકપ્પ, અને દસ પઇણ્ણગ અને મહાનિસીહ સિવાયના આગમોનો નિર્દેશ એને અંગેના અનુયોગના ઉલ્લેખપૂર્વક કરાયો છે. 'ચરણકરણ' અનુયોગને બદલે 'ચરણ' અનુયોગ નામ અપાયું છે તો તે શું વાસ્તવિક ગણાય? ચંદપણ્ણત્તિ અને સૂરપણ્ણત્તિનો ભેગો વિચાર કરાયો છે. આવી કેટલીક બાબતોને બાજુએ રાખતાં આ પુસ્તક પાછળ કરાયેલો પરિશ્રમ પ્રશંસનીય છે. મહાનિસીહના વિષયનું નિર્દેશન પ્રથમ પરિશિષ્ટ તરીકે અપાયું છે તેનું કારણ જણાવાયું નથી. આ પુસ્તકમાં આગમોના વિષયોનો નિર્દેશ મુખ્ય સ્થાન ભોગવે છે એટલે એનો સવિસ્તર વિચાર કરાયો છે. તેમ કરવા પૂર્વે પ્રત્યેક આગમના વિભાગો, પેટાવિભાગો ઇત્યાદિની સંખ્યા દર્શાવાઇ છે.

આ પુસ્તકમાં અંદરના ભાગમાં તેમ જ પૂંઠા ઉપર મહાવીરસ્વામીની પ્રતિકૃતિ છે કયા આગમમાં કયા કયા વિષયો છે એ જાણવું જેમ જરૂરી છે તેમ અમુક વિષય કોઇ એક જ આગમમાં છે કે અન્યમાં પણ એ પણ જાણવું આવશ્યક છે. એ બીજી જાતની આવશ્યકતાને પૂરેપૂરી સંતોષી શકે એવું કોઇ પુસ્તક પ્રસિદ્ધ કરાયેલું જણાતું નથી તો તે માટે યોગ્ય પ્રબંધ કરાવો જોઇએ જેથી વિષય દીઠ આ જાતની માહિતી આપણને મળી શકે. કેટલાક વિષયો એવા છે જ કે જે એક કરતાં વધારે આગમમાં નિરૂપાયેલા જણાય છે.

ઇતિહાસો—આગમોને લગતા ઇતિહાસો સ્વતંત્ર ગ્રન્થ તરીકે તેમજ જૈન સાહિત્યાદિના ઇતિહાસોના એક અંતર્ગત વિષય તરીકે રચાયા છે. સ્વતંત્ર ગ્રન્થ તરીકે તો HCLJ હોય એમ લાગે છે આનુષંગિક રચનાઓ જે ગ્રન્થોમાં જોવાય છે તેનાં નામો નીચે મુજબ છેઃ—

૧. Geschichte der Indischem Litteratur (Vol. II), આ મહત્ત્વપૂર્ણ જર્મન ગ્રન્થના પ્રણેતા પ્રો. મોરીસ વિન્તર્નિત્સ છે.

૨. આ જર્મન પુસ્તકનો અંગ્રેજી અનુવાદ થયેલો છે. એનું નામ "A History of Indian Literature" છે. એનો દ્વિતીય વિભાગ અત્ર પ્રસ્તુત છે.

૩. જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ (પૃ. ૧૭–૮૯). આના લેખક સ્વ. મોહનલાલ દ. દેશાઈ છે.

૪. જૈન સાહિત્ય કા બૃહદ્ ઇતિહાસ (ભા. ૧–૨). પ્રથમ ભાગમાં આચાર વગેરે ૧૧ અંગો વિષે માહિતી અપાઈ છે. એના લેખક પં. બેચરદાસ દોશી છે. બીજા ભાગમાં અંગ-

---

૧ આ નામો અન્ય વાચના અનુસારના અંતગડદસા, પણ્હાવાગરણ, અને અણુત્તરોવવાઇયદસા એ ત્રણ આગમોનાં નામ તેમ જ બંધદસા, દોગિદ્ધિદસા અને દીહદસા છે.

૨ આ નામો તે સુમિણભાવણા, ચારણભાવણા, તેયોનિસગ્ગ, આસીવિસભાવણા અને દિટ્ઠિવિસભાવણા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાહ્ય આગમોનું નિરૂપણ છે. ઉપાંગો અને મૂળ સૂત્રો પૂરતું લખાણ ડૉ. **જગદીશચન્દ્ર જૈને** અને અવશિષ્ટ આગમોને લગતું લખાણ ડૉ. **મોહનલાલ** મહેતાએ તૈયાર કરેલ છે.

આ બંને ભાગોની એકેક નકલ મને પાર્શ્વનાથ વિદ્યાશ્રમ શોધ સંસ્થાનના નિયામકશ્રી તરફથી હાલમાં ભેટ મળી છે. એ હું યથાસમય વાંચી ગયો છું અને મેં કેટલીક નોંધો પણ કરી છે. પં. બેચરદાસ વગેરેએ પુષ્કળ પરિશ્રમ કર્યો જણાય છે. કેટલીકવાર એમણે **પ્રશ્નો** રજૂ કર્યા છે તો કોઈ કોઈ બાબતમાં પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો છે. બંને ભાગમાં અંતમાં અપાયેલી વિસ્તૃત અનુક્રમણિકા આ ભાગોનો એક નોંધપાત્ર અંશ છે. દ્વિતીય ભાગ ( પૃ. ૧૦૫–૧૦૬ ) ગત ટિપ્પણ મહત્ત્વનું છે એમાં જંબૂદ્વીપમાં બે સૂર્ય, બે ચન્દ્ર ઈત્યાદિ જૈનોના મંતવ્યનું ભાસ્કરે **સિદ્ધાન્તશિરોમણિ**માં અને બ્રહ્મગુપ્તે **સ્ફુટસિદ્ધાન્ત**માં [1]ખંડન કર્યાનો અને ડૉ. થીબોએ નિમ્નલિખિત લેખમાં રજૂ કરેલ પોતાના વક્તવ્યનો નિર્દેશ છે :—

"On the suryaprajnapti".

આ લેખ Journal of the Asiatic Society of Bengal (Vol. 49)માં છપાયો છે.

**સૂરપણ્ણત્તિમાંની કેટલીક હકિકત વેદાંગ જ્યોતિ સાથે મળતી આવે છે.**

આથી આ બંનેનો તુલનાત્મક અભ્યાસ થવો ઘટે. વેદાંગ જ્યોતિષ અંગે મેં એક લેખ લખ્યો છે પણ અત્યારે તો એ અપ્રકાશિત છે.

ભા. ૨, પૃ. ૧૦૯ માં સૂરપણ્ણત્તિ (પા. ૧૦, અ. ૧૭)માંના **નક્ષત્ર ભોજન**ને અંગે ટિપ્પણમાં ઉલ્લેખ છે ને સંભવ છે કે લોકમાં પ્રચલિત માંસ ભક્ષણની દૃષ્ટિથી આ સૂત્ર રચાયું હશે.

૫. પ્રાકૃત સાહિત્ય કા ઇતિહાસ (પૃ. ૩૩–૧૯૨૭) આ ડૉ. જગદીશચન્દ્ર **જૈનની** રચના છે.

**પરિચયાત્મક ગ્રન્થો**:–આગમોનો પરિચય ઉપર્યુક્ત ઇતિહાસોમાંથી મળે છે તેમ એને અંગેની કેટલીક સ્વતંત્ર કૃતિઓમાંથી પણ મળે છે. આ સંબંધમાં મારી નિમ્નલિખિત કૃતિઓ પ્રકાશિત થઈ છેઃ—

(૧) અર્હત આગમોનું અવલોકન, (૨) આગમોનું દિગ્દર્શન અને (૩) પિસ્તાલીસ આગમો.

આ પૈકી "આગમોનું દિગ્દર્શન"નો છૂટથી [1]ઉપયોગ કરી શ્રી વિજયપદ્મસૂરિજીએ કે જેઓ તીર્થોદ્ધારક શ્રી વિજયનેમિસૂરિજીના એક વિદ્વાન વિનેય છે, એમણે **પ્રવચન કિરણાવલી** રચી છે. એમાં આગમોનો પરિચય સ્વતંત્રરૂપે ન આપતાં આગમોના વિષયો જે એનાં વિવરણોમાં છે તેનો ભેગો ઉલ્લેખ કરાયો છે. એટલે કયા વિષયો મૂળમાં છે તે તારવવુ બાકી રહે છે. ગમે તેમ પણ આ પુસ્તક ઉપયોગી છે.

**વિશિષ્ટ લેખો**:–પ્રો. વેબરે જર્મન ભાષામાં આગમોને અંગે એક વિસ્તૃત અને અભ્યાસપૂર્ણ (અલબત્ત તે સમયનાં સાધનોની અપેક્ષાએ) લેખ–**મહાનિબંધ** લખ્યો છે. એનો અંગ્રેજી **અનુવાદ** "Sacred Literature of the Jainas" ના નામથી કટકે કટકે "Indian Antignary" (Vols, 17–21)માં છપાયો છે. આજે મૂળ

૧ વરાહમિહિરે **પંચસિદ્ધાન્તિકા**માં ખંડન કર્યું છે.

૧ આની નોંધ કેમ લેવાઈ નથી એ બાબત મેં શ્રી વિજયપદ્મસૂરિજીને પૂછ્યું હતું ત્યારે તેમણે કહ્યું હતું કે આવી નોંધ લખવી જોઈએ એવો મને ખ્યાલ ન હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જર્મન લખાણ તેમજ આ અનુવાદ અપ્રાપ્ય છે તો એનો ફરીથી ઉદ્ધાર થવો ઘટે.

આગમોને લગતા મારા તમામ લેખો છપાયા નથી. જે છપાયા છે તેની લગભગ નોંધ મેં હીરક-સાહિત્ય-વિહારમાં લીધી છે.

આવસ્સય પરત્વે પ્રો. અર્નસ્ટ લોયમેને વિદ્વત્તાપૂર્ણ વિચારણા કરી છે એમ એમની નિમ્નલિખિત જર્મન કૃતિ જોતાં જણાય છે:–
"Übersicht Über die Āvasyaka Literatur"

"શ્રમણ"માં પણ આગમોને લગતા કોઈ કોઈ લેખ પ્રસિદ્ધ થયાનું જાણવા મળે છે પણ એ મારા જોવામાં આવ્યા નથી.

પ્રકીર્ણક—જૈન આગમો અને એનાં વિવરણો પણ જાતજાતની કથાઓ પૂરી પાડે છે. આ તેમજ અનાગમિક ગ્રંથોમાંની કથાઓની રૂપરેખા બૃહત્કથાકોશના અંગ્રેજી ઉપોદ્ઘાત (પૃ. ૧૭-૩૯)માં ડો. એ. એન. ઉપાધ્યેએ અને તરંગલોલાની ગુજરાતી પ્રસ્તાવના (પૃ. ૯–૧૨)માં મેં આલેખી છે. જૈન સાહિત્ય એ કથાઓનો ભંડાર છે. એથી જેમ "ગુજરાત વર્નાક્યુલર સોસાયટી"એ પૌરાણિક કોશ શ્રી ડાહ્યાભાઈ પીતાંબરદાસ દેરાસરી પાસે રચાવી પ્રસિદ્ધ કર્યો છે તેમ જૈન કથાકોશ માટે સત્વર પ્રબંધ થવો ઘટે.

આગમોદ્ધારક "અલ્પ પરિચિત સૈદ્ધાન્તિક શબ્દકોશ" રચ્યો છે. એના બે ભાગ અત્યાર સુધીમાં પ્રસિદ્ધ થયા છે અને ત્રણેક અમુદ્રિત છે; તો આગમોના તલસ્પર્શી અભ્યાસ માટે આ સાધન પણ અમુક અંશે ઉપયોગી છે.

દ્વાદશારનયચક્ર (શટીક)ના ચતુર્થ–અંતિમ ભાગનું પ્રાક્કથન પં. (હાલ સૂરિ) શ્રી વિક્રમવિજયગણિએ લખ્યું છે. એના પૃ. ૩૩માં એમણે એવું અનુમાન દોર્યું છે કે નન્દી ઉપર એની વ્યાખ્યારૂપે કોઇ ભાષ્ય હશે. આ બાબતની ચકાસણી થાય તે માટે આ વાત અહીં રજૂ કરી છે.

આગમોનાં વિશિષ્ટ અભ્યાસ માટેની સાધન સામગ્રી એ સમય અને સાધન અનુસાર અત્ર દર્શાવી છે. એનો યથેષ્ટ લાભ લઇ શકાય તે માટે જૈનોની વસ્તીવાળા મોટા મોટા શહેરોમાંનાં જૈન પુસ્તકાલયોમાં–જ્ઞાનભંડારોમાં આ બધી સામગ્રી સુલભ રીતે વિચારવા મળી શકે તે માટે યોગ્ય પ્રબન્ધ તે તે સ્થળના સંઘો કરશે તો તેઓ સબળ પુણ્ય હાંસલ કરશે એટલું સૂચવતો આ લેખ પૂર્ણ કરું છું.

પર્યુષણ પર્વમાં વાંચવાલાયક ગ્રંથ

## શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર (વિભાગ પહેલો)

( અધ્યયન ૧૫ )

[ મૂળ સંસ્કૃત છાયાનુવાદ ગુર્જરભાષાનુવાદ અને કથા સહિત ]

ભગવંત મહાવીરની અંતિમ દેશનાના ફળસ્વરૂપ આ ગ્રંથની ઉપયોગિતા માટે કહેવાનું જ શું હોય! વૈરાગ્ય તેમ જ વિજ્ઞાનથી ભરપૂર આ ગ્રંથ અવશ્ય વાંચવા યોગ્ય છે. કેટલાય સમયથી આ ગ્રંથની નકલ મળતી નહોતી. હાલમાં જ પ્રતાકારે ઉંચા લેઝર પેપર ઉપર છપાવવામાં આવેલ છે. પૂ. સાધુ–સાધ્વીજીએ નકલો ઓછી હોવાથી તરત જ મંગાવી લેવા કૃપા કરવી. પ્રતાકારે પૃષ્ઠ ૬૦૦ મૂલ્ય રૂપિયા દસ પોસ્ટેજ અલગ.

લખો :—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્થાનિક સમાચાર

## ( ૧ ) " દીક્ષા મહોત્સવ "

ભાવનગરના વતની અને મુંબઇવાસી શાહ કાંતિલાલ અમરચંદ સોલીસીટરની બે પુત્રીઓ કુ. પ્રિયમતિબેનને અને કુ. સરલાબેનને આચાર્ય ભગવંતો વગેરેની વૈરાગ્ય વાહિની દેશનાઓથી, સંસારની અસારતા જાણી, સંસારના પ્રલોભનો અને ભોગ વિલાસોને લાત મારી, સંસારી સુખ દુઃખોની વાસનાઓનો ત્યાગ કરવાની ઇચ્છા થઈ તેથી ગણિ કંચનસાગરજીની-નિશ્રામાં દીક્ષા આપવાનો વિધિ વૈશાખ શુદ ૧૦ થી વૈશાખ વદ ૪ સુધી ઉજવાયો હતો. વળી દીક્ષાર્થી બહેનોના માનપત્રનો સુંદર મેળાવડો યોજવામાં આવેલ હતો. વૈશાખ વદ ૩ ના રોજ શાંતિસ્નાત્ર ભણાવવામાં આવેલ હતું અને વૈશાખ વદ ૪ ના રોજ વરસીદાનનો ભવ્ય વરઘોડો ચઢાવવામાં આવ્યો હતો. વરઘોડામાં ભાઈઓ અને બ્હેનોની સંખ્યા સારા પ્રમાણમાં હતી.

અત્રેના ભવ્ય નૂતન ઉપાશ્રયમાં તેમની દીક્ષા વિધિ અને નામકરણ વિધિ થયેલ હતી. તે વખતે કુ. પ્રિયમતિ બહેનનું નામ સાધ્વીશ્રી પ્રશમધરાશ્રીજી રાખવામાં આવ્યું હતું, અને તેઓ સાધ્વીશ્રી વિનીતયશાશ્રીજીના શિષ્યા તરીકે જાહેર કરવામાં આવ્યા હતા; તથા કુ. સરલા બેનનું નામ સાધ્વીશ્રી શીલંધરાશ્રીજી રાખવામાં આવ્યું હતું અને તેઓ સાધ્વીજી પ્રશમધરાશ્રીજીના શિષ્યા તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. બન્ને બહેનોએ સંસારી અવસ્થામાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું તથા પંચ પ્રતિક્રમણ, નવસ્મરણ, ત્રણ ભાષ્ય, કર્મગ્રંથો, પંચ સંગ્રહ, બૃહત્સંગ્રહણી વગેરે ધાર્મિક ગ્રંથોનો અભ્યાસ કર્યો હતો.

## (૨) શિક્ષાયતન (ભાવનગર)

વ્યાવહારિક શિક્ષણની સાથોસાથ વિદ્યાર્થીવર્ગના મનને સુસંસ્કારસંપન્ન બનાવવાની જરૂર છે. તેથી વેકેશનમાં ધાર્મિક સંસ્કાર અધ્યયનસત્રો કે શિક્ષાયતનો યોજવા જોઇએ. વિદ્યાર્થીઓ કરતાં વિદ્યાર્થીનીઓના શિક્ષાયતનો યોજવાની બહુ જરૂર છે કારણ કે અત્યારે વેરવિખેર બની ગયેલી નીત્તિમતા અને સંસ્કારિતાને કારણે અધોગતિ તરફ જઈ રહેલા માનવસમાજને સંસ્કાર સંપન્ન કન્યાઓ બચાવી શકશે. ગયે વર્ષે અમદાવાદમાં પહેલું કન્યા શિક્ષાયતન વિદુષી સાધ્વીજી નિર્મળાશ્રીજીના હાર્દિક અને સક્રિય સહકારથી યોજવામાં આવ્યું હતું. તેમાં સવાસો એસ. એસ. સી. થી કોલેજ કક્ષા સુધીની કન્યાઓએ લાભ લીધો હતો. આ વર્ષે વિદુષી સાધ્વીજી નિર્મળાશ્રીજીના હાર્દિક અને સક્રિય સહકાર નીચે બીજું કન્યા શિક્ષાયતન શ્રી ભાવનગર જૈન સંઘે યોજ્યું હતું. તેમાં ભાવનગરની જ S. S. C. થી લઇને કોલેજની કક્ષા સુધીની ૧૫૦) કન્યાઓએ લાભ લીધો હતો. શ્રીમતિ મધુકાંતા રમણીકલાલ શેઠે દીપક પ્રગટાવીને શિક્ષાયતનું ઉદ્દ્ઘાટન કર્યું હતું. આ વખતે સાધ્વીજી નિર્મળાશ્રીજીએ આવા સત્રોની ઉપયોગિતા અને સ્ત્રી શક્તિઓની મહત્તા પર સુંદર પ્રવચન આપેલ હતું.

આ શિક્ષાયતનના વર્ગો શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના હોલમાં લગભગ એક માસ સુધી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દરરોજ બપોરના ૧ થી ૪ વાગ્યા સુધી ચલાવવામાં આવ્યા હતા. તેમાં કન્યાઓને તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, સૂત્રજ્ઞાન, સૂત્રવિવેચન ધાર્મિક પ્રશ્નોતરી, શ્રીમદ્ આનંદઘનજીના પદો અને કથા-ચરિત્રો વગેરે શીખવવામાં આવ્યા હતા. વળી વકતૃત્વ સ્પર્ધા અને સંગીત સ્પર્ધા યોજવામાં આવી હતી.

આ સત્રની પૂર્ણાહુતિ તા. ૪-૬-૬૭ રવિવારના રોજ સવારના ૯-૩૦ કલાકે ટાઉન-હોલમાં પ્રો. ખીમચંદભાઈ ચાંપશીભાઈ શાહના પ્રમુખસ્થાને થઈ હતી. તેમાં અતિથિ વિશેષ તરીકે શ્રી પ્રાણલાલ કે. દોશી J. P. હાજર રહ્યા હતા. આ સમારંભમાં ભાઈઓ અને બહેનોની વિપુલ પ્રમાણમાં હાજરી હતી. સત્રની યોજાયેલ ત્રણ પ્રકારની પરિક્ષામાં પ્રથમ નંબર આવનાર બહેનોને પારિતોષિકો આપવામાં આવ્યા હતા. સત્રના સૂત્રધાર સાધ્વીશ્રી નિર્મળાશ્રીજીએ કહ્યું હતું કે આવા સત્રો ચાલુ વર્તતી અશાંતિ વગેરે દૂર કરવાનો એક પ્રયોગ છે.

મુંબઈથી આ પ્રસંગે ખાસ આવેલા શ્રી શ્રેણિકભાઈ કાંતિલાલ શાહે અને શ્રી કેશવલાલ મોહનલાલ શાહે, અતિથી વિશેષ શ્રી પ્રાણલાલભાઈએ અને સમારંભના પ્રમુખ શ્રી ખીમચંદભાઈએ સુંદર પ્રવચનો આપ્યા હતા. મુંબઈ જૈન ધાર્મિક સોસાયટી વગેરે તરફથી શિક્ષાયતનમાં અભ્યાસ કરેલ દરેક બેનને સવા પાંચ રૂા. આપીને બહુમાન કરવામાં આવ્યું હતું.

## ( ૩ ) શ્રી જૈન આત્માનંદ સભાનો "મણિમહોત્સવ"

તા. ૩૦-૩-૬૭ રવિવારના રોજ સવારના ૯-૩૦ કલાકે દાદાસાહેબના ભવ્ય મેદાનમાં ઉભો કરેલ વિશાળ મંડપમાં શ્રી જૈન આત્માનંદ સભાનો મણિમહોત્સવ શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈના પ્રમુખપણા નીચે ઉજવવામાં આવેલ હતો. આ મહોત્સવમાં શહેરના સંભાવિત સદ્ગૃહસ્થો, જૈન સંઘના આગેવાનો, ભાઈઓ અને બહેનોની મોટી સંખ્યા હાજર રહી હતી. અતિથિ વિશેષ તરીકે શેઠશ્રી અમૃતલાલ કાળીદાસ દોશી હતા. ખાસ કરીને આ પ્રસંગે અત્રે આવનાર પ્રાચીન જૈન સાહિત્ય અને આગમોનું સંશોધન કરનાર પૂજ્ય મુનિશ્રી પુણ્યવિજયજી અને "દ્વાદશાર નયચક્ર ગ્રંથનું પ્રકાશન"ના પ્રમુખ ડો. આદિનાથ નેમનાથ ઉપાધ્યેની હાજરી ધ્યાન ખેંચે તેવી હતી. સભાના પ્રમુખ શ્રીયુત ખીમચંદભાઈએ તેમના વક્તવ્યમાં જણાવ્યું હતું કે આ સભા એક જ્ઞાન મંદિર છે, અમૂલ્ય જ્ઞાન નિધિમાંથી ઉત્તમ ગ્રંથ રત્નોને પ્રગટ કરવા એ સભાનું જીવન વ્રત છે. સભાએ ૯૭ ગુજરાતી ગ્રંથો, ૯૧ સંસ્કૃત ગ્રંથો પ્રકાશિત કરેલ છે. આ સભાની લાઇબ્રેરીમાં દશ હજારથી વધારે મુદ્રિત પુસ્તકો છે અને સભાના જ્ઞાન ભંડારમાં ૧૭૩૬ હસ્ત પ્રતો છે. સભાને પ્રથમથી જ પૂજ્ય મુનિમહારાજાઓનો સારો સહકાર મળતો રહ્યો છે. આ પ્રસંગે પૂજ્ય મુનિશ્રીએ સુંદર આત્મ નિવેદન કર્યું હતું. શેઠશ્રી ભોગીલાલભાઈએ આ મહોત્સવ નિમિત્તે યોજાયેલ પ્રાચીન સાહિત્ય અને કળા સામગ્રીનું પ્રદર્શન ખુલ્લું મુકવાની જાહેરાત કરી હતી અને આવા પ્રદર્શનોની ઉપયોગિતા સમજાવી હતી. અતિથિ વિશેષ શેઠશ્રી કાંતિલાલભાઈએ અને મહોત્સવના પ્રમુખ શેઠશ્રી કસ્તુરભાઈએ સુંદર પ્રવચનો કર્યા હતા.

તેજ દિવસે બપોરે ૪-૩૦ કલાકે દ્વાદશારનયચક્ર ગ્રંથના પ્રકાશનનો સમારંભ યોજવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવ્યો હતો. આ સમારંભનું પ્રમુખસ્થાન સુપ્રસિદ્ધ વિદ્વાન ડૉ. આદિનાથ ઉપાધ્યેએ લીધું હતું. શરૂઆતમાં સભાના પ્રમુખશ્રી ખીમચંદભાઈએ દ્વાદશારનયચક્ર ગ્રંથના પ્રકાશનનું કાર્ય કેવી રીતે શરૂ થયું, આગળ વધ્યું અને તેના પ્રકાશનમાં કોનો કોનો સહકાર મળ્યો તેમજ તેનું ખર્ચ, મુદ્રણ વગેરેની વિગતો રજુ કરી હતી. પૂજ્ય મુનિશ્રી પુણ્યવિજયજીએ આ પ્રસંગે ગ્રંથનું ભાષાંતર કરનાર મુનિશ્રી જંબુવિજયજીના કાર્યની ખૂબ અનુમોદના કરી હતી અને તેમની વિદ્વતાની અને દ્વાદશાર નયચક્ર ગ્રંથની મુક્ત મને પ્રશંસા કરી હતી. ડૉ. આદિનાથ ઉપાધ્યે એ પોતાના વક્તવ્યમાં કહ્યું હતું કે દ્વાદશારનયચક્ર ગ્રંથ અનેક વિશેષતાથી ભરેલો છે. શ્રી દલસુખભાઈ માલવણિયાએ અને પંડિત શ્રી બેચરદાસે સુંદર પ્રવચનો કર્યા હતા.

તા. ૧–૫–૬૭ સોમવારના રોજ સવારના ૧૦ કલાકે સભાના હોલમાં પુજ્ય મુનિરાજશ્રી પુણ્યવિજયજીના સાનિધ્યમાં સાહિત્ય પ્રકાશન તેમજ સભાની ભાવિ કાર્યવાહી અંગે વિચાર ગોષ્ટી યોજવામાં આવી હતી. તેમાં અત્રે આવેલા વિદ્વાનોએ ભાવિ પ્રકાશન અને અન્ય કાર્યો અંગે પોતાના મંતવ્યો જણાવ્યા હતા.

તે દિવસે બપોરના સભાના હોલમાં “ પંચ કલ્યાણક પૂજા ” ભણાવવામાં આવી હતી.

તે દિવસે રાત્રિના નવ કલાકે અત્રેની ત્રણ સંસ્થાઓ તરફથી ડૉ. ઉપાધ્યેનો વાર્તાલાપ રાખવામાં આવ્યો હતો. તેમાં ભાવનગરની ત્રણ સાહિત્ય સંસ્થાઓનું એકીકરણ થાય તે સંબંધી વિચારો કરવામાં આવ્યા હતા પણ હમણાં એકીકરણ થશે નહિ તેમ જણાયું હતું. ત્રણ સાહિત્ય સંસ્થાઓ જુદી જુદી રીતે કાર્યક્ષમ કેવી રીતે બને તેની પણ વિચારણા કરવામાં આવી હતી.

અંતમાં જણાવવાનું કે આત્માનંદ સભાનો મણિમહોત્સવ ભવ્ય સુંદર અને યાદગાર રહે તેવો થયેલ હતો.

આ પ્રસંગે “ મણિમહોત્સવ ” નામનો ગ્રંથ શ્રી આત્માનંદ સભાએ બહાર પાડ્યો હતો. તેમાં શ્રી આત્માનંદ સભાની સ્થાપનાનો ઇતિહાસ, ૧૯૫૨–૨૦૨૨ સુધીના તેના કાર્યકરોના ઘડવૈઓના અને સભાને સહાય કરનારા પૂજ્ય મુનિવરોના જીવન ચરિત્રો, સાહિત્ય પ્રકાશન અને શ્રી આત્માનંદ પ્રકાશ સંબંધી હકીકતો રોચક શૈલીમાં આપવામાં આવેલ છે; વળી તેમાં આત્મ જ્ઞાન મંદિર, શ્રી આત્મારામજી ફ્રી લાઇબ્રેરી, સન્માન સમારંભો, ઉત્સવો અને જયંતિઓ સંબંધી હકીકતો આપેલ છે. અંતે પેટ્રનો, પહેલા વર્ગના લાઈફ મેમ્બરો, બીજા વર્ગના લાઈફ મેમ્બરો, ત્રીજા વર્ગના લાઇફ મેમ્બરો અને વાર્ષિક મેમ્બરોની નામાવલીઓ, શ્રી આત્માનંદ ગુજરાતી ગ્રંથમાળાના પુસ્તકો, શ્રી આત્માનંદ જૈન ગ્રંથ રત્ન માલાના પુસ્તકો, શ્રી આત્માનંદ જન્મ શતાબ્દી સીરીઝ પુસ્તકો, પ્રવર્તક શ્રી કાંતિવિજયજી જૈન ઐતિહાસિક ગ્રંથમાળા પુસ્તકો, શ્રી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને ભેટમાં અપાયેલ પુસ્તકોની યાદીઓ પરિશિષ્ટોમાં આપવામાં આવેલ છે.

## શ્રી ઉપદેશપ્રાસાદ ભાષાંતર : ભાગ ૨ જો

ઉપરોક્ત ગ્રંથ ગુજરાતી લીપીમાં કલકત્તાના અમુક ભાવિક સદ્‌ગૃહસ્થ તરફથી મળેલ સહાયથી છપાએલ છે. પાના ૩૦૪–ફોર્મ ૩૮. બહુ થોડી નકલો હોવાથી તુરતજ મંગાવી લેશો.
બુકની કિંમત રૂા. પાંચ. પોસ્ટેજ રૂા. ૨). લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

( સમાલોચના : ટાઈટલ પેજ ૪ થી શરૂ )

આ ગ્રંથના પરિશિષ્ટમાં આચાર્યજીનું મહાદેવ સ્તોત્ર (૧) મૂળ, (૨) કાવ્યાનુવાદ અને (૩) અર્થમાં આપવામાં આવેલ છે.

આ બન્ને સ્તોત્રો વાંચવા અને વિચારવા લાયક છે.

(૩) **વ્યાખ્યાન સંગ્રહ ભા. ૧ લો** વ્યાખ્યાનકાર પાઠકપ્રવર શ્રી હંસસાગરજી મહારાજ પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન શા. મોતીચંદ દીપચંદ, ઠળીયા (તલાજા પાસે) કિં. રૂા. ૬–૦૦

યાકિની મહત્તરા સૂનુ પૂ. આચાર્ય શ્રીમદ્ હરિભદ્રસૂરીએ " શ્રી અષ્ટ પ્રકરણ " નામનો સુંદર ગ્રંથ રચેલ છે. તેમાં વિવિધ વિષયો પર ૩૨ અષ્ટકો આપવામાં આવેલ છે. સં. ૨૦૨૦ના રાજકોટ ચાતુર્માસમાં ગણિવર્ય શ્રી હંસસાગર મહારાજશ્રીએ વ્યાખ્યાનમાં દેશનાધિકારે શ્રી અષ્ટક પ્રકરણ ગ્રંથનું વાંચન રાખેલ હતું. ચાલુ વ્યાખ્યાનોનું અવતરણ પૂ. મુનિરાજ શ્રી નરેન્દ્રસાગરજીએ કર્યું હતું. તે અવતરણને વ્યવસ્થિત રીતે ગોઠવીને આ વ્યાખ્યાન સંગ્રહ ભા. ૧ લો પ્રગટ કરવામાં આવેલ છે. આ ગ્રંથમાં ૪૫ વ્યાખ્યાનો આપવામાં આવેલ છે. આ વ્યાખ્યાનોના વાંચનથી વાચકોને જરૂર લાભ થશે.


## પવિત્ર પર્યુષણ પર્વમાં આરાધના માટે અતિ ઉપયોગી પ્રકાશનો

# અક્ષયનિધિ તપ વિધિ

પર્વાધિરાજ પર્યુષણને લગતાં દિવસોમાં આ તપનું સારી સંખ્યામાં આરાધન કરવામાં આવે છે. શ્રાવણ વદ ચોથથી શરૂ કરીને ભાદરવા સુદિ ચોથ એટલે કે સંવત્સરીના દિવસે આ તપની પૂર્ણાહૂતિ કરવામાં આવે છે. આ પુસ્તકમાં અક્ષયનિધિ તપની સંપૂર્ણ વિધિ, ચૈત્યવંદન, સ્તવન, પૂજાની ઢાળ, ખમાસમણના દુહા, અક્ષયનિધિ તપનું મોટું સ્તવન તથા છંદો, આ તપથી મનવાંછિત સિદ્ધિ પ્રાપ્ત કરનાર સુંદરીની રસિક કથા વગેરે પણ આપવામાં આવેલ છે.

**મૂલ્ય માત્ર ત્રણ આના**

વિશેષ નકલો મંગાવનારે પત્રવ્યવહાર કરવો–લખોઃ–**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર**

# જૈન રામાયણ

## [ શ્રી ત્રિષષ્ઠિ શલાકાપુરુષ ચરિત્ર-પર્વ ૭ મું ભાષાંતર ].

વર્ષોથી આ ગ્રંથની નકલ મળતી નહોતી.

* કલિકાળસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય મહારાજાની આ અપૂર્વ કૃતિનો રસાસ્વાદ માણવાનું રખે ચૂકતા.
* બળદેવ રામ, વાસુદેવ લક્ષ્મણ, પ્રતિવાસુદેવ રાવણ, એકવીશમા તીર્થંકર શ્રી નમિનાથ ભગવંત, ચક્રવર્તીઓ હરિષેણ તથા જયના મનોમુગ્ધકર ચરિત્ર, ઉપદેશક શૈલી અને રસિક હકીકતોથી પરિપૂર્ણ આ ગ્રંથ અવશ્ય વસાવી લેશો.

**મૂલ્ય રૂા. ૪ ( પોસ્ટેજ અલગ )**

લખોઃ—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. G 50

# समालोचना

(१) **શ્રીમદ્ રાજચંદ્ર પ્રથમ વિભાગ, દ્વિતીય વિભાગ** – પ્રકાશક શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ–અગાસ : શ્રીમદ્ રાજચન્દ્ર તત્ત્વ જિજ્ઞાસુઓની જ્ઞાન પિપાસાને પરિતૃપ્ત કરે અને આત્માર્થીઓના હૃદયમાં આત્મજ્યોતિ પ્રગટાવે એવા એક સમર્થ તત્ત્વવેત્તા હતા.

શ્રીમદ્‌ના સાહિત્યમાં જૈન, વેદાંત આદિ સંપ્રદાયોના ગ્રંથોનું વિશાળ વાંચન, નિદિધ્યાસન માલુમ પડે છે.

સોળ વર્ષની નાની વયમાં ત્રણ દિવસમાં "મોક્ષમાળા" નામનું પુસ્તક લખવું અને સર્વ શાસ્ત્રોના નિચોડ રૂપ આત્મજ્ઞાન પ્રાપ્તિનો સરલ, સાચો અને સચોટ માર્ગ દર્શાવતું આત્મસિદ્ધિ શાસ્ત્ર નામનું પુસ્તક રચવું એ તેમનામાં અપૂર્વ તત્ત્વજ્ઞાન હતું તેમ દર્શાવે છે.

શ્રીમદ્‌ના જીવન પ્રસંગોમાં પ્રામાણિકતા, સત્યનિષ્ઠા, નીતિમત્તા, અન્યને લેશમાત્ર દૂભવવાની અનિચ્છા અને અનુકંપાદિ ગુણોનું સ્વાભાવિક દર્શન થાય છે.

શ્રી રાજચંદ્રજીનું જે કાંઈ સાહિત્ય ઉપલબ્ધ છે તે આ બન્ને વિભાગોમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. આ સાહિત્ય તત્ત્વજ્ઞાન અથવા આધ્યાત્મિક ક્ષેત્રમાં ઉત્તમ કક્ષાનું સાહિત્ય છે. તત્ત્વરસિક મનુષ્યોને પોતાની તત્ત્વ પિપાસા સંતોષવા માટે ગુર્જર ભાષામાં આ ગ્રંથ અપૂર્વ છે.

આ બન્ને વિભાગોમાં (૧) શ્રીમદે મુમુક્ષુઓ પર લખેલા પત્રો (૨) સ્વતંત્ર કાવ્યો (૩) મોક્ષમાળા, ભાવના બોધ અને આત્મસિદ્ધિ શાસ્ત્ર આદિ ગ્રંથો (૪) પુષ્પમાળા, બોધવચનો અને વચનામૃતો (૫) પંચાસ્તિકાય ગ્રંથનું ભાષાંતર (૬) રોજનીશી વગેરે આપવામાં આવેલ છે.

જીજ્ઞાસુને આ બન્ને વિભાગો વાંચન, મનન અને પરિશીલન કરવા યોગ્ય છે.

(૨) **" કલિકાલ સર્વજ્ઞ "** શ્રી હેમચંદ્રાચાર્ય વિરચિત વીતરાગ સ્તવ સવિવેચન અને સકાવ્યાનુવાદ. કર્તા–ડો. ભગવાનદાસ **મનસુખભાઈ** મહેતા એમ. બી. બી. એસ. પ્રકાશક શ્રીમદ્ રાજચંદ્ર નિજાભ્યાસ મંડપ ટ્રસ્ટ. પ્રાપ્તિસ્થાન શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, વડવા, ખંભાત. મૂલ્ય રૂા. ત્રણ.

કળિકાળ સર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યની આ અદ્‌ભુત અને અમર કૃતિ છે. આ સ્તોત્રની ખાસ વિશિષ્ટતા એ છે કે જૈન ધર્મનો ઉદ્ધાર કરનાર શ્રી કુમારપાળ મહારાજાને માટે શ્રી હેમચંદ્રાચાર્યે સંસ્કૃત ભાષાના શ્લોકોમાં રચના કરી છે. અને શ્રી કુમારપાળ મહારાજા આ સ્તોત્રનો નિરંતર પાઠ કરતા હતા.

આ ગ્રંથ વીશ પ્રકાશમાં વિભક્ત થયેલ છે. પ્રત્યેક પ્રકાશમાં ૮–૯ કે ક્વચિત્ તેથી વધારે સંસ્કૃત શ્લોકો છે.

ડો. ભગવાનદાસે આ ગ્રંથની ગુર્જર ભાષામાં ચાર પ્રકારે યોજના કરી છે. ( ૧ ) મૂળ શ્લોક ( ૨ ) તેનો કાવ્યાનુવાદ ( ૩ ) અર્થ, ( ૪ ) ટુંકું વિવેચન.

( અનુસંધાન ટાઈટલ પેજ ૩ ઉપર )

પ્રકાશક : દીપચંદ જીવણલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર
મુદ્રક : ગીરધરલાલ ફુલચંદ શાહ, સાધના મુદ્રણાલય–ભાવનગર

For Private And Personal Use Only